|| શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરિભ્યો નમઃ

# આત્મ જાગૃતિ સંદેશ

## (પર્વાધિરાજ પ્રવચન માલા)

**દ્વિતીય દિવસ ૨**


**સંપાદન**

ગુણોદય મુક્તિ જય આશિષે
શાસન પ્રભાવિકા
પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સુશિષ્યા
**સા. જયદર્શિતાશ્રીજી**



**પ્રકાશન**

શ્રી શત્રુંજય એકેડેમી,
ચાલીસગામ

: પ્રત :
૫૦૦

આગમ અભ્યાસી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની
# સંયમ શતાબ્દિ પ્રસંગે

પ્રકાશિત

સં.૨૦૮૦
ઈ.સ. ૨૦૨૪

પ્રકાશન તથા પ્રાપ્તિ સ્થાન
શ્રી શત્રુંજય એકેડેમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય
સ્ટેશન રોડ, ચાલીસગામ. જિ. જલગામ
પીન - ૪૨૪૧૦૧

મુદ્રક - અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# સાદર સમર્પણ

સિદ્ધાચલ સ્નેહિ... નવકાર મંત્રારાધિકા...

અપ્રમત સંયમી... વૈયાવચ્ચ પ્રેમી... આગમ અભ્યાસી...

પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના દીક્ષા શતાબ્દિ પ્રસંગે

## સાદર સમર્પણ

– સા. જયદર્શિતાશ્રીજી
સા. હિમાંશુશ્રીજી

# મંગલમય વાત

પર્વાધિરાજ પર્વ !

એક અમુલ્ય અવસર !

આઠ આઠ દિવસ, આઠ કર્મોને નબળા પાડવા માટે સાધના-આરાધનાની ધૂણી ધખાવવાનો મંગલમય સુઅવસર.

કદિ દેરાસર ન આવનાર દેરાસરમાં આવે. કદિ દર્શન-પૂજા ન કરનાર પ્રભુની ભક્તિ ભાવથી વ્યાખ્યાનાદિના શ્રવણથી જીવન ધન્ય બનાવે. કલ્પસૂત્રના શ્રવણથી પવિત્ર બને.

ઘણા સમયથી શ્રાવક વર્ગની માંગણી હતી કે પર્વાધિરાજ પર્વના પ્રવચનની પુસ્તિકા છપાય તો કલ્પસૂત્રના વાંચનથી વંચિત રહેતા સામાન્ય જીવો પણ કલ્પસૂત્રના સારને એ પ્રવચનોના માધ્યમથી જાણી શકે.

એકદા આ વાત મનને સ્પર્શી ગઇ અને પર્વાધિરાજના સાત દિવસના પ્રવચનોની સાત નાની પુસ્તિકાઓ છપાવી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. આજે આ સંકલ્પ સાકાર થયો. સાત દિવસની સાત પુસ્તિકાઓ પર્વાધિરાજ પ્રવચનમાળાના સાત પુષ્પો રૂપે તમારા સહુના હાથમાં આપતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સહુ એના પઠન, પાઠન, શ્રવણ, વાંચનથી આત્મ કલ્યાણ સાધે એ જ મંગળ પ્રાર્થના.

લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના...

પર્વાધિરાજ પ્રવચનમાળાના લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

- સા. જયદર્શિતાશ્રીજી

# ...તમે લાભ સવાયા લીધા...

## શ્રુત રત્ન સ્તંભ

★ મા. દેવકુંવરબાઈ ડો. મેઘજી વેલજી ધરમશી ગોરખડી
 હ. ડો. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા – તાડદેવ.

★ કુ. વિરતી સુનિલ ખોના (વાંકુ) જલગાંવ

## શ્રુત સૂવર્ણ સ્તંભ

* કુ. શ્રુતિ પ્રફુલ વશનજી ગાલા (કોટડી મહાદેવપુરી) મુલુંડ
* સૌ. શર્મિલા ગિરીષ મૈશેરી (નાની સિંધોડી) ભાંડુપ
* કુ. વિયાના ચિરાગ લોડાયા (બારોઈ) જલગામ
* શ્રી ભાઈલાલભાઈ લખમશી લાલન (કોડાય) ઘાટકોપર
* સ્વ. સુધીરભાઈ ચીમનલાલ મોતા (સુથરી) અહમદનગર
* શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ
* સૌ. ભાવનાબેન મનિષ લોડાયા (વારાપધ્ધર) ચાલીસગામ

સર્વ શ્રુત લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના

## શ્રુત રજત સ્તંભ

* સૌ. મીનલ દિનેશ કામાણી (પરજાઉ) ઈંદોર
* ચિ. ઝિહાન સ્નેહલ જીતેન શાહ (હાલાપર) માટુંગા
* મા. કસ્તુરીબેન જયકુમાર મોમાયા (સાંયરા) ધુલિયા
* સૌ. રેખાબેન લલિત મોમાયા (સાંયરા) ચાલીસગામ
  સૌ. નેહા રવિકાંત તિવારી, સૌ. નમ્રતા આશિષ અરોરા,
  ચિ. નાયસા, ચિ. નિવિક
* ચિ. લય તેજસ લાલકા (મુલુંડ) કુ. યશા,
  વેદા કીંશુક લાલકા (સેંધવા)
* અક્ષિતા નાગડા (ઘાટકોપર), જીનલ નાગડા (હુબલી),
  સાચી શાહ (યુ.એસ.એ.)

## શ્રાવણ વદિ ૧૪
## દ્વિતિય દિવસ




આજે પર્વાધિરાજને
દાન અને દયાના પુષ્પોથી વધાવીશું...
પર્વને મઘમઘતુ બનાવીશું...
શીલ સદાચારની સુગંધ ફેલાવશું...
ભાવભીની ભક્તિમાં તરબતર થઈશું...
પ્રસન્નતાની પ્રભાવના કરીશું...
અઠ્ઠમ તપથી કર્મ ખપાવશું...
ચૈત્યપરિપાટીથી આંગણીયે
કલ્પવૃક્ષનું વાવેતર કરીશું...

**ક્ષમાપનાના અમૃતથી**
**આત્માના અમરત્વને અજવાળીશું.**

જીવન ધન્ય ધન્ય બની જશે.

# અઠ્ઠમ તપ

પર્વાધિરાજ પર્વનું ત્રીજું કર્તવ્ય છે અઠ્ઠમ તપ !

શું તપ કરવું જરૂરી છે ?

શાસનપતિ મહાવીરસ્વામિના જીવન ઉપર એક નજર કરીએ.

સાધના કાળના સાડા બાર વરસમાં એમણે તપ અને ધ્યાનની ધૂણી ધખાવી. સાડાબાર વરસમાં ફક્ત ૩૪૯ પારણા. પારણા એટલે એકાસણા. બાકીના સાડા અગિયાર વરસ ચોવિહાર ઉપવાસ. પ્રભુને આવો તપ કરવાની શું આવશ્યકતા હતી ? જન્મથી અવધિજ્ઞાની... દીક્ષાથી મનઃપર્યવજ્ઞાની એવા પણ મહાપુરુષોને તપ-ત્યાગ કરવા પડે ?

આજે દ્રવ્ય ક્રિયા અને બાહ્ય તપ ત્યાગની ઠેકડી ઉડાડી ધ્યાની બનવા નિકળેલા જીવોને પ્રશ્ન પૂછવાનું મન થઇ જાય છે... બંધુઓ ! પરમાત્માના સાધના જીવન ઉપર એક દૃષ્ટિપાત કરો... એમના જીવનનું અવલોકન કરો. આવા અલૌકિક મહાપુરૂષોએ જે તપ માર્ગની - ત્યાગ માર્ગની ઉપાસના કરી એ માર્ગની ઉપેક્ષા કરવી સાચા સાધકને પાલવે ખરી ?

અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની જ નહીં પણ પ્રભુ પાર્શ્વનાથ જેવા અનેક તીર્થંકરોએ તો કેવળજ્ઞાન પછી પણ માસક્ષમણની અંતિમ આરાધના કરી છે... શા માટે ? કેવળ વિશ્વના જીવોને તપમાર્ગનો મહિમા

સમજાવવા માટે ! છતાં આપણે એમને અને એમણે બતાવેલા તપસાધનાને જાણી-ઓળખી કે સમજી ન શક્યા. આપણી કેવી કમનસીબી છે ?

આશ્રવને રોકવાથી... સંવરની સાધના કરવાથી નવા આવતા કર્મો અટકી જાય. પરંતુ પૂર્વભવોમાં કે આ ભવમાં અજ્ઞાન દશામાં ઉપાર્જન કરેલા કર્મોમાંથી મુક્ત થવાનો ઉપાય ક્યો ? એ જ બતાવતાં કહે છે -

**तपसा निर्जराश्च । તપથી કર્મની નિર્જરા થાય છે.**

કર્મ ખપાવવાનો રાજમાર્ગ તપ છે. આ વાતને લક્ષમાં રાખીને જ પરમાત્માએ શ્રી સંઘને પંદર દિવસના પાપથી મુક્ત થવા આલોચના રૂપ એક ઉપવાસ કરવાની વાત જણાવી.

ચાતુર્માસિક પાપથી મુક્ત થવા છટ્ઠ અથવા બે ઉપવાસની આલોચના જણાવી અને બાર મહિનામાં જાણતાં અજાણતાં થઈ ગયેલા પાપોની શુદ્ધિ માટે અટ્ઠમ તપની આરાધના જણાવી. એટલે જ પર્વાધિરાજ પર્વના કર્તવ્ય રૂપે અટ્ઠમ તપની આરાધનાનું મહત્વ છે.

આમ પણ જિનશાસનમાં અટ્ઠમ તપનો મહિમા અનોખો છે. અનેક દેવ-દેવીની આરાધના માટે... સાંસારિક પ્રાપ્તિ માટે... વિશિષ્ટ વિદ્યા કે સિદ્ધિ માટે પણ અટ્ઠમ તપ કરવામાં આવે છે. પરંતુ જિનશાસનમાં એનું મહત્વ નથી. શાસ્ત્રોએ એવા તપને મહત્વપણ આપ્યું નથી.

ચક્રવર્તી છ ખંડની સાધના દરમ્યાન તેર અટ્ઠમ કરે છે...

જરાવિદ્યામાંથી સૈન્યને મુક્ત કરવા શ્રીકૃષ્ણ મહારાજાએ અટ્ઠમ તપની આરાધના કરી હતી...

આજે પણ સંસારના ભૌતિક સુખો માટે અઠ્ઠમાદિ તપ કરતા ઘણા જીવો જોવા મળે છ...

પરંતુ શુદ્ધ જિનાજ્ઞા આવા તપનું કોઈ મુલ્ય આંકતી નથી. તપ પ્રસિદ્ધિ કે વાહવાહ માટે ન થાય... પોતાની પૂજા માટે તપ ન કરાય... સંસારિક લાભ માટે તપ ન કરાય... વજન ઘટાડવા તપ ન કરાય... એક માત્ર કર્મ ખપાવવાના અને મોક્ષ મેળવવાની ઈચ્છાથી જ તપ કરવો જોઈએ.

તપ પૂર્વે કરેલા કર્મના પર્વતને છેદવા વજ્ર સમાન છે.

તપ કામરૂપી દાવાનળની જ્વાળાઓના સમૂહને ઠારી દેવા મેઘ સમાન છે...

તપ ઉગ્ર એવી ઈન્દ્રિયોના સમૂહરૂપી સર્પોને નિર્વિષ બનાવવા માટે મંત્રાક્ષરો સમાન છે...

તપ વિઘ્નોરૂપ અંધકારના સમૂહના નાશ માટે સૂર્ય સમાન છે...

તપ લબ્ધિ-સિદ્ધિ અને લક્ષ્મીરૂપ વેલડીઓનું મૂળ છે...

તપનો અદ્ભૂત મહિમા અવર્ણનીય છે.

ભવ્ય જીવોએ નિત્ય શક્તિ મુજબ તપ અવશ્ય કરવો જોઈએ. નવકારસી-ચોવિહાર તો શ્રાવકના જીવનમાં હોય જ. પણ શક્તિ અને અનુકુળતા મુજબ પોરિસી, સાઢ્ઢપોરિસી, પુરિમઢ્ઢ, અવઢ્ઢ, એકાસણા, નીવી, આયંબીલ ઉપવાસાદિ તપ કરીને કર્મ નિર્જરા કરવી જોઈએ. તપ મહાન ફળ આપનાર છે તે જણાવતાં કહે છે -

અકામ નિર્જરાથી સો વર્ષ સુધી નારકીનો જીવ જેટલા કર્મ ખપાવે તેટલાકર્મો નવકારસી તપથી નાશ પામે છે.

અકામ નિર્જરાથી હજાર વર્ષ સુધી નારકીનો જીવ જેટલા કર્મ ખપાવે તેટલા કર્મો સાઢ્ઢપોરિસી તપથી નાશ પામે છે.

અકામ નિર્જરાથી એક લાખ વર્ષ સુધી નારકીનો જીવ જેટલા કર્મ ખપાવે છે તેટલા કર્મ એક ઉપવાસથી નાશ પામે છે.

અકામ નિર્જરાથી દશ હજાર ક્રોડથી દશ દશ ગણા વર્ષ સુધી નારકીનો જીવ જેટલા કર્મ ખપાવે છે તેટલા કર્મો એકથી વધારે એક એક ઉપવાસ કરવાથી નાશ પામે છે.

એક હતી નગરી... ત્યાં વસતા હતા એક શેઠ-શેઠાણી...

માણેકલાલ શેઠ અને મણીબાઇ શેઠાણી... ન્યાયી-પ્રામાણિક વેપારી હતા...

પરિવારમાં એક જ દિકરો હતો... નાનપણમાં જ એના લગ્ન કરી નાખ્યા...

પરિવારમાં ધર્મના સંસ્કારો સારા હતા... આવેલી વહુને પણ સાસુએ ધર્મમાં જોડવા પ્રયત્ન કર્યો. પણ હજી બાળક બુદ્ધિ હતી. ક્યારેક ધર્મ કરે ક્યારેક ન કરે. સંસાર આમ તો શાંતિથી ચાલતો હતો. પરંતુ બધું કાયમ બરાબર ચાલે તો સંસાર અસાર કેમ કહેવાય ?

અચાનક કર્મરાજાની સોટિ વાગી... અચાનક શેઠાણી અને દિકરો બિમાર પડ્યા. શેઠે ઉપચારમાં અને વહુએ સેવામાં ક્યાંય ખામી ન રાખી. પરંતુ કર્મસત્તા પોતાનું કાર્ય કરી ગઇ. આયુષ્ય ખુટ્યું.. બન્નેએ વિદાય લીધી. શેઠ ઉપર આભ તુટ્યું. વેપાર સંભાળવાનો... ઘર જોવાનું અને બધાની કઠીન જવાબદારી હતી. 'લગ્ન

જીવન શું છે એ સમજતા પહેલાં વિધવા થયેલી વહુને સંભાળવાની.' ઘરમાં કોઇ સ્ત્રી નહિં. શેઠે મન મક્કમ કર્યું... હિંમત કરીને યથાયોગ્ય રીતે બધી જવાબદારી સંભાળવા લાગ્યા. વહુના માતા-પિતા-સાસુ-સસરા બનીને એનું પણ સારી રીતે જતન કરતા રહ્યા.

ધીરે ધીરે વહુ મોટા થવા લાગ્યા... એમણે યુવાનીમાં પ્રવેશ કર્યો... આજુબાજુમાં યુવાન છોકરા-છોકરીઓના લગ્ન થવા લાગ્યા. આ બધું જોતાં શેઠની વહુના મનમાં લગ્નના કોડ જાગ્યા. વહુએ સસરાજીને કહ્યું - 'પિતાજી ! બધાના લગ્ન થાય છે મારા લગ્ન ક્યારે થશે ? મને પણ પતિ જોઇએ છે.'

સસરાજી વાત સાંભળી ચોંકી ઉઠ્યા... પોતાની જાતને સંભાળી લીધી... વહુને કહ્યું - ''હા બેટા ! તારા માટે યોગ્ય પતિની શોધ ચાલુ છે.'' શેઠના માથે ચિંતાનો બોજ વધી ગયો. હવે શું કરવું ? ત્યાં શેઠના મનમાં ચમકારો થયો. અંતરમાં ઉઠેલી વાસનાનું મારણ તપમાં છે. શેઠ સાંજે જમવા ઘેર આવ્યા. જમતાં જમતાં વહુને કહ્યું - 'કાલે મારે ઉપવાસ છે... મારા માટે રસોઇ ન બનાવતા.'

વહુએ વિચાર કર્યો પિતાજી ઉપવાસ કરે છે તો લાવને હું પણ ઉપવાસ કરું. વહુએ પણ ઉપવાસ કર્યો. શેઠે બીજા દિવસે પણ ઉપવાસ કર્યો... વહુએ પણ બીજા દિવસે ઉપવાસ કર્યો. શેઠે ત્રીજો ઉપવાસ કર્યો... વહુએ પણ ત્રીજો ઉપવાસ કર્યો. પરંતુ આજે ઉપવાસ આકરો લાગતો હતો. ઉઠવા-બેસવામાં પણ તકલીફ થતી હતી. ત્યારે શેઠ કહે છે ''ચાલ બેટા ! આજે તને પતિ અપાવું છું.'' વહુ કહે છે - ''પતિ ગયો ચુલામાં, મને નથી જોઇતો પતિ.'' શેઠજી કહે છે - ''આજે જોઇએ તો આપું પછી ક્યારેય નહીં માંગતી.'' વહુ કહે છે...

‘‘ના, હવે ક્યારેય નહીં માંગું’’

શેઠને નિરાંત થઇ ગઇ.

આ છે તપનો પ્રભાવ ! વિષય - વાસનાની આગને ઠારી નાંખવાનું કાર્ય તપ કરે છે. તન-મનને નિર્મળ બનાવે છે. આરાધના માટે તૈયાર થાય છે. પર્વાધિરાજમાં આત્મા સાથે જોડાણ કરવા એક બાજુ તપ છે તો બીજી બાજુ કલ્પસૂત્રનું શ્રવણ છે. આ બન્નેનો સંગમ જીવનને ઉર્ધ્વગામી બનાવ્યા વગર ન રહે. એમાં વળી પ્રભુ ભક્તિ ભળે. નાગકેતુની જેમ સિદ્ધિના શિખર સર થઇને જ રહે.

આવા તપના ફળને જાણીને કયો જીવ તપમાં પ્રમાદ કરે ? અર્થાત્ સમજુ જીવે પ્રમાદ કર્યા વગર શક્તિ પ્રમાણે અવશ્ય તપ કરવું જોઇએ.

પર્વાધિરાજ પર્વના કર્તવ્યમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ અઠ્ઠમ તપ કરવાની વાત જણાવી છે. એવી જ રીતે શાસ્ત્રકારોએ ‘‘યથાશક્તિ તપ’’ અને ‘‘તપ કરીએ સમતા રાખી ઘટમાં’’ એમ પણ કહ્યું છે. અહિં પ્રશ્ન ઉદ્ભવે છે કે કોઇ વ્યક્તિની ઇચ્છા છે અઠ્ઠમ તપ કરવાની પણ અઠ્ઠમ તપ થઇ શકતો નથી... ખેંચીને કરતાં શરીરમાં અશાતા થાય... મનમાં અસમાધિ થાય અને ક્યારેક કષાયનો ઉદય થઇ જાય. આવા સમયે પર્વાધિરાજનું કર્તવ્ય કેમ નભાવવું ? પ્રભુ આજ્ઞા કેવી રીતે પાળવી ?

આ વાતના પ્રત્યુત્તરમાં શાસ્ત્રકાર મહર્ષિઓ આપણને માર્ગદર્શન આપતાં જણાવે છે કે ‘પરમાત્માનું શાસન એકાંતવાદિ નથી એ અનેકાંતવાદને માનનાર અને જાણનાર છે. એમાં બધી જ સમસ્યાઓનો ઉકેલ છે.’

અઠ્ઠમ ન થાય તો છુટા છુટા ત્રણ ઉપવાસ કરી શકાય... ઉપવાસ ન થાય તો એક ઉપવાસના બદલે બે આયંબીલ, ત્રણ નીવિ, ચાર એકાસણા અથવા આઠ બ્યાસણા થઇ શકે છે. એટલે અઠ્ઠમ ન થાય તો છ આયંબીલ અથવા નવ નીવિ અથવા બાર એકાસણા અથવા ચોવિસ બ્યાસણા કરીને પણ આલોચના વાળી શકાય. એ પણ ન થઇ શકે તો નવકાર મંત્રની સાંઇઠ બાધા પારાની માળા અથવા છ હજાર ગાથાના સ્વાધ્યાયથી પણ અઠ્ઠમની આલોચના વાળી શકાય.

એવી રીતે આપણાથી જેમ શક્ય હોય તેમ કરીને પણ પરમાત્માએ કહેલું તપ પૂર્ણ કરવું જોઇએ. પરંતુ અસહ્ય દુઃખ આપનાર પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું જોઇએ.



# ચૈત્યપરિપાટિ

કલ્પસૂત્ર સાંભળવાનું સદ્ભાગ્ય મળે...

ચોવિસ... ચોવિસ તીર્થંકરોના જીવન ચરિત્ર સાંભળી મન ઉલ્લસિત બને... પ્રભુના ગુણો સાંભળતા દેહ રોમાંચિત બને. પ્રભુનો વિનય, પ્રભુની માતૃભક્તિ, પ્રભુનો ભાઈનો પ્રેમ, સંસાર પ્રત્યેની ઉદાસીનતા, ઝળહળતો વૈરાગ્ય, અનંત બળના સ્વામિ હોવા છતાં ઉપસર્ગોની સામે અદ્ભૂત સમતા અને અડગતા આવા પ્રભુના જીવનના પ્રસંગો સાંભળતાં મસ્તક સ્વયંમેવ ઝુકી જાય. એવા પ્રભુના દર્શન-વંદન માટે મન લાલાયીત બને. ક્યારે પ્રભુને ભેટું ? ક્યારે પ્રભુ દર્શનથી પાવન બનું ? એવા ભાવો ઉલ્લસિત થાય. પગ અધીરા બની જિનાલય તરફ દોડવા માંડે. એટલે જ કહેવાયું છે કે **ચૈત્યાટન અને તીર્થાટનથી ભવાટન ટળે છે.** સંસારના ભ્રમણ ઉપર બ્રેક લગાડવો હોય તો ચૈત્યપરિપાટિ શ્રેષ્ઠ ઉપાય છે. એટલે જ પર્વાધિરાજ પર્વના કર્તવ્યોમાં આ ચૈત્યપરિપાટિને સુંદર સ્થાન આપવામાં આવ્યું છે.

ચૈત્ય પરિપાટિથી દર્શન, વંદન, પૂજન અને સ્તવનાનો પ્રશંસનીય, અનુમોદનીય લાભ મળે છે. આમ પણ આપણે કહીએ છીએ -

दर्शनात् दुरीत ध्वंसी, वंदनात् वांछित प्रद ।
पूजनात् पूरक श्रीणां, जिन साक्षात् सूरद्रुम ।।

અહો...અહો... કેવો અપૂર્વ લાભ જ લાભ છે. બસ ! પ્રભુના દર્શનમાત્રથી તમારા સર્વ દુરીત-અપમંગળ-દુર્ભાગ્યનો નાશ થાય છે. પ્રભુને વંદના કરો... અંતરથી પ્રભુ ચરણોમાં નમી પડો તમારા સર્વ વાંછિત-ઇચ્છિત પૂર્ણ થાય... પરમાત્માની પૂજાની લગની લગાડો સર્વ પ્રકારની લક્ષ્મી તમારા ચરણોમાં આવી મળે. જ્ઞાન લક્ષ્મી, ધ્યાન લક્ષ્મી, મોક્ષ લક્ષ્મી બધું જ પ્રભુને આધીન છે. પરમાત્મા તો કલ્પવૃક્ષ છે. જે માંગો તે મળશે. પરંતુ એવું માંગજો કે ભવોભવના દારિદ્રનો નાશ થઈ જાય. હવે આપણા આંગણે ક્યારેય દરિદ્રતા પગલા જ ન પાડે. સદા લીલાલહેર જ હોય. પ્રભુના ભક્તને સદા આનંદ-પ્રસન્નતા અને સમાધિ જ હોય. એટલા માટે જ તો પર્વ પર્યુષણના એક મહાન કર્તવ્યરૂપે ચૈત્ય પરિપાટિને સ્થાન આપવામાં આવ્યું છે. કલ્પવૃક્ષ પાસે તો વારંવાર જવાની ઇચ્છા થાય જ ને.

ચૈત્યપરિપાટિમાં છ'રિના નિયમો સાથે ગામના જિનાલયોને જુહારવાનો વિધિ છે. શું આપણે આ વિધિનું પાલન કરીએ છીએ ને ? ગુરુ ભગવંતની સાથે પગે ચાલીને એકાસણાદિ વ્રતની સાથે ભાવભીની ભક્તિનો આ અપૂર્વ અવસર છે. જેમણે જીવનમાં આ અવસર માણ્યો છે એ ધન્ય છે. કારણ આ ચૈત્યપરિપાટિ ઘણા જ કર્મક્ષયને કરાવનારી છે. પરિણામની જેટલી શુદ્ધિ... ભાવોની જેટલી વિશુદ્ધિ એટલી જ કર્મ નિર્જરા વધારે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં સુંદર વાત કહી છે -

**સમય સમય સો વાર સંભારુ, તુજશું લગની જોડ રે...**
**મોહન મુજરો માની લેજે, જ્યું જલધર પ્રીતિ મોર રે...**

એક એક સમયમાં સમયમાં સો-સો વખત તારું સ્મરણ થાય અર્થાત્ બીજી કોઇ વિચારણાનો અવકાશ જ ન મળે. પ્રભુ પ્રભુ નામની લય લાગી જાય... આકાશમાં વાદળાંને જોઇને મોર જેમ નાચવા માંડે તેવી જ રીતે આપના દર્શન માત્રથી મારું જીવન પાવન બની જાય. અને કાયા નૃત્ય કરીને દર્શનના અપૂર્વ આનંદમાં લીન બની જાય. આપણે નિત્ય પ્રભુ દર્શન-પૂજા વિધિમાં પણ પ્રભુ દર્શનમાં પ્રાપ્ત થતા લાભને જાણીએ છીએ.

પ્રભુ દર્શનના ઇચ્છા માત્રથી એક ઉપવાસનો લાભ થાય છે. ઉઠીને જિનાલય જવા તૈયાર થતાં જ બે ઉપવાસનો લાભ થાય છે. એક પગલું જિનાલય તરફ મુકતાં જ અટ્ઠમતપના તપસ્વી બની જઇએ છીએ. જિનાલય પહોંચતા નિસ્સિહી કરી પ્રભુ દર્શન કરતાં માસક્ષમણના સાધક બનીને છીએ. આ તો બધી બાહ્ય ઉપલબ્ધિ છે. અભ્યંતર પ્રાપ્તિ તો અનુભવી જ જાણી અને માણી શકે છે.

પ્રભુની લગની લાગી જાય સ્વયંમેવ સંસારના રંગરાગ ફીકા લાગવા માંડે... એક એક કરીને બધું દૂર થતું જાય... માયા-મમતાની પકડમાંથી જીવ મુક્ત થાય તો અજોડ વૈરાગ્યનો સ્વામિ બને. અભ્યંતર આત્મિક આનંદની અનુભૂતિ જ ભકતને પ્રભુની વધુને વધુ નજીક લઇ જાય છે. આ બધા પ્રભુ સાથેના લાગણીના તાર બાંધવાનું કાર્ય ચૈત્યપરિપાટિ કરે છે. આવી ચૈત્યપરિપાટિનો અપૂર્વ અવસર જ્યારે પણ પ્રાપ્ત થાય પ્રમાદને દૂર કરીને અવશ્ય એમાં જોડાઇ જજો. અનેકોની ઉત્તમ ભક્તિ જોઇને પણ આપણો ભાવોલ્લાસ વધે છે. ભગવંત ભક્તિની વિવિધ આરાધનાઓ આપણને જાણવા-સમજવા-માણવા મળે છે. એકની શ્રેષ્ઠ ભક્તિ બીજા માટે આદર્શ અને આલંબન બની જાય છે. ઉપર ચઢવાનું પગથિયું બની જાય છે.

એક હતી નાની બાલિકા...

ચૈત્યપરિપાટિમાં પ્રભુના દર્શન કર્યા.. સ્તવનાદિ સાંભળવામાં મજા આવી... જિનાલયમાં દર્શન કરવા રોજ આવવા લાગી... ધીરે ધીરે પ્રભુ સાથે પ્રીત બંધાણી... દેરાસર ન આવે... પ્રભુ દર્શન ન કરે તો એને ચેન જ ન પડે... હવે ઉઠીને એ પહેલા પ્રભુ દર્શન કરે છે પછી જ મોઢામાં પાણી નાંખે છે... પૂજા કરે છે.. પ્રભુ ભક્તિમાં ખુબ આનંદ આવે છે.

સમય વીત્યો બાલિકા યુવાન થઇ... એક પટેલ યુવાનના પ્રેમમાં પડી... માતા-પિતાને વાત કરી.. બન્નેના માતા-પિતાની અનુમતિ મળી. કન્યાએ શરત મુકી લગ્ન પછી પણ હું મારો જૈન ધર્મ પાળીશ. મારા જે નિત્ય નિયમ છે એનું પૂર્વવત્ પાલન કરીશ. અનિચ્છાએ પણ સાસરીયાઓએ વાત સ્વીકારી લીધી.

લગ્ન થયા... કન્યા સાસરે આવી... એને પ્રભુ દર્શન વિના મોઢામાં પાણી પણ ન નાંખવાનો નિયમ છે. ઘરના કામમાં દર્શન કરવામાં મુશ્કેલી થવા લાગી. સાસરીયાઓ ને નારાજગી થવા લાગી. કન્યાના પતિએ આ બધી અગવડતા દૂર કરવા ઘરમાં જ ઘર દેરાસર બનાવી એક ભગવાન પધરાવ્યા. બેનના દર્શન-પૂજા શાંતિ પૂર્વક થવા લાગ્યા. આશ્ચર્ય સર્જાયું ભગવાનના ઘરમાં આવવાથી ભાગ્યોદય થયો. ધંધામાં ભરકત થવા લાગી... લક્ષ્મીની વૃદ્ધિ થતાં ઘરના બધા રાજી થયા. બધા પ્રભુ દર્શન કરવા લાગ્યા... વારે-તહેવારે પૂજા કરવા લાગ્યા... ધીરે ધીરે સંપૂર્ણ પરિવાર જૈન બની ગયો. જિનેશ્વરનો ભક્ત બની ગયો. અનેક સુકૃતો કરીને અપૂર્વ પુણ્યનું ભાતુ બાંધી લીધું.

આવી આવી તો અનેક ઘટનાઓ ચૈત્ય પરિપાટિના નિમિત્તે જિન શાસનમાં બનતી હોય છે. આપણે ચૈત્યપરિપાટિના નિમિત્તથી પરમાત્માની સાથે પ્રીતથી બંધાઇ જઇએ. આ પ્રીતની ગાંઠ એવી મજબૂત હોય કે પરલોકમાં કોઇ પણ ગતિમાં જાઉં મને પ્રભુ મળે...મળે અને મળે જ. પ્રીત અખંડ બને અંતે મને મોક્ષ નગરીમાં બિરાજમાન કરે. સંસારનો રંગ ફીકો લાગે... પ્રભુનો સંગ પ્યારો લાગે... એ એક જ રટણ હોય...

**ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો, ઔર ન ચાહું રે કંત**

**રીઝ્યો સાહેબ, સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત...**

પ્રભુ દર્શન... તીર્થ દર્શન... તીર્થ યાત્રાઓ આત્મોન્નત્તિના એક એક ઉચ્ચ પગથિયાએ પહોંચાડીને ચૈત્યપરિપાટિના કર્તવ્યને સફળ બનાવે એ માટે જ આપણે ચૈત્યપરિપાટિની આરાધના પણ દુધારી તલવાર જેવી છે. વિધિપૂર્વક કરો તો તારક બનીને સ્વર્ગ-મોક્ષ દાયક પણ બને છે અને જો સાવધાન ન રહ્યા અને પ્રમાદથી તીર્થ કે તીર્થંકરની આશાતના કરી બેઠા તો એ મારક બનીને આપણને નરક અને નિગોદમાં પણ પહોંચાડી શકે છે.

આજકાલ પર્વાધિરાજ પૂરા થાય એટલે દરેક સંઘો-મંડળો ચૈત્ય પરિપાટિનું આયોજન કરતા હોય છે. આ ચૈત્યપરિપાટિ બસ આદિ દ્વારા જ હોય છે. ફક્ત બસનો જ દોષ લાગતો હોય તો સમજી શકાય છે. પરંતુ આગળ એમાં ન હોય નવકારસી-ચોવિહારનું બંધન... ન હોય ભક્ષ્યાભક્ષ્ય નો વિવેક... ન હોય પૂજા-ભક્તિનું મહત્વ-ફક્ત ગણત્રી જ હોય આટલા ગામના આટલા દેરાસર જુહાર્યા. આ સાચી ચૈત્યપરિપાટિ નથી પરંતુ આ તો પીકનીક સાથે પ્રભુદર્શન છે. આવી પ્રવૃત્તિને ચૈત્ય પરિપાટિનું પવિત્ર નામ આપી આપણે ક્યાંક આશાતના

કરીએ છીએ. આશાતનાના ભાગીદાર બનીને નિકાચિત કર્મ બાંધી લઈએ છીએ.

अन्य क्षेत्रे कृतं पापं, तीर्थ (धर्म) क्षेत्रे विनश्यति ।
तीर्थ (धर्म) क्षेत्रे कृतं पापं, वज्रलेपो भविष्यति ।।

અન્ય ક્ષેત્રોમાં પાપ થઈ જાય તો એ ધર્મ દ્વારા તીર્થ ભક્તિ દ્વારા નાશ પામે છે. પરંતુ જો આપણે ધર્મકે તીર્થમાં પાપ કરીશું તો એને તોડવા ક્યાં જઈશું ? તીર્થ ક્ષેત્રમાં કરેલા પાપનો ક્ષય કરનાર કોઈ જડીબુટિ નથી. એ પાપ વજલેપ જેવું બની જાય છે. આપણને અવશ્ય ભોગવવું જ પડે છે.

આપણી પાસે આ બધી જાણકારી અને સંસ્કાર હશે તો આગળની પેઢિને આપીશું નહીં તો ભવિષ્ય શું ?

થોડા સમય પહેલા એક બેન આવ્યા. એમણે પોતાના બાળકોનો પ્રસંગ કહ્યો. પરિવાર સાથે યાત્રા કરવા નિકળ્યા. ૩૦-૩૫ જણા હતા. સમેતશિખરની યાત્રા કરીને નીચે ઉતરતાં મોડું થયું. જમવા બેઠા ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો. એમના બે પુત્રોએ જમવાની ના પાડી. બધાએ ઘણું કહ્યું ન માન્યા. ભૂખ નથી ઈચ્છા નથી કહી વાત ટાળી દીધી. બધાએ જમી લીધું. રાતના મમ્મીએ બન્ને દિકરાઓને પૂછ્યું બધાએ આટલો આગ્રહ કર્યો જમ્યા કેમ નહિં ? બન્ને દિકરાઓએ કહ્યું - ''મમ્મી ચોમાસામાં સાધ્વીજી ભગવંત પાસે વાર્તા સાંભળવા જતા ત્યારે એમણે તીર્થમાં રાત્રી ભોજન કે અભક્ષ્ય ન ખાવાનું સમજાવ્યું હતું. અમે સાહેબજીને પ્રોમીસ કર્યું હતું અમે તીર્થમાં રાત્રીભોજન કે અભક્ષ્ય ભોજન નહિં કરીએ. પછી અમારાથી કેમ ખવાય ?

વાત કરતાં કરતાં પણ બેનના આંખમાં આંસુ આવી ગયા. એમણે કહ્યું - ''અમે મોટા જમ્યા અને હવે

યુવાન થયેલા દિકરાઓ પોતાના પ્રોમીસમાં અડગ રહ્યા.'' દિકરાઓને પૂછ્યું તો એમણે કહ્યું હાથ જોડી પચ્ચક્ખાણ ભલે નહોતું લીધું પણ પ્રોમીસ તો કર્યું હતું તો એ પાળવું જ જોઈએ ને ?

આજના બાળકો આવતી કાલના શાસનના ઘડવૈયા છે... રક્ષક છે... એમના સંસ્કારમાં ક્યાંય કચાશ રાખવી પાલવે એમ નથી.

આપણે સાવધાન બનીએ. ચૈત્યપરિપાટિની શ્રેષ્ઠ આરાધનામાં ભગવંત બનવાનું બીજ છુપાયેલું છે. ભગવંતની સાચી વિધિપૂર્વકની ભક્તિ આપણને ભગવાન બનાવીને જ રહે છે. ચાલો ! સ્વ-પરના કલ્યાણાર્થે સાચી-વિધિપૂર્વક શાસ્ત્રોક્ત ચૈત્યપરિપાટિના આયોજનો દ્વારા અનેકોના તારક ઉદ્ધારક બનીએ એ જ મંગલ કામના.

## ખમજો... ખમાવજો...

પર્વાધિરાજ પર્વનું પાંચમું અતિ મહત્વનું કર્તવ્ય છે ક્ષમાપના...

સંસાર એક ચક્ર છે... મહાચક્ર છે... વિરાટ ચક્ર છે. એની અંદર બીજા ન જાણે કેટલાય ચક્રો છે. એક વખત કોઈ ચક્રમાં માણસ ફસાય તો સંસારની ભૂલ - ભૂલામણીમાં ચક્રની જેમ ફરતો જ રહે છે. એમાંથી બહાર નિકળવાનો માર્ગ જ મળતો નથી. આ ચક્રોમાં બે મુખ્ય ચક્ર છે વિષ ચક્ર અને બીજું છે અમૃત ચક્ર. નામ પ્રમાણે વિષચક્ર ડંખ મારી મારીને સર્વત્ર વિષને ફેલાવે છે જ્યારે અમૃત ચક્ર ઝેરને ઉતારીને આપણને સ્વસ્થ-

પ્રસન્ન બનાવી અમરતાના પંથે પ્રયાણ કરાવે છે.

અનાદિથી આપણે ક્રોધ-માન-માયા-લોભના ચક્રમાં એવા ફસાયા છીએ જેથી સ્વાર્થના કારણે સર્વત્ર ઝેરને જ ફેલાવી રહ્યા છીએ. આપણા જીવનમાં ઝેર... પરિવારમાં ઝેર... સમાજમાં ઝેર... સંઘમાં ઝેર. હનુમાને તો એક લંકા બાળી આપણે તો આ ઝેરીલા ચક્રથી ન જાણે કેટલાયના જીવનમાં ઝેર ફેલાવ્યું ? આવે છે ખ્યાલ ? Passing the ball ની રમતમાં આપણે તો આપણા હાથમાં એને ટકવા ન દઇએ. ખબર છે ગમે ત્યારે... અટકશે... બોમ્બ ફુટશે એમાંથી જે સજા નિકળશે તે જેના હાથમાં બોલ હશે એને ભોગવવી પડશે... દંડ હશે તો ભરવો પડશે.

નિમિત્ત મળે કષાયનો ઉદય થાય... કષાય ઉપર નિયંત્રણ ન રાખી શકીએ - જે સામે આવે એને ખખડાવી નાંખીએ. સામા વાળો આપણા અકારણ, ક્રોધથી સાથી કર્મચારી ઉપર ક્રોધ કરે... એ સાથી કર્મચારી પ્યુનને ન બોલવાના બોલ બોલે એ બિચારો પોતાનો ગુસ્સો ક્યાં ઠલવે. ? બીજું કોઇ સ્થાન ન મળતાં ઘરમાં પત્ની ઉપર તુટિ પડે એની સાથે ન કરવા યોગ્ય વર્તન કરી નાંખે... એ અબળા પોતાનો ગુસ્સો બાળકો ઉપર કાઢે એમની ધુલાઇ કરી નાંખે. એ બાળકો માર ખાઇ રડીને બેસી રહે.

પરિણામ શું આવ્યું ? ઘર નરક બની ગયું... ઘરનું વાતાવરણ ખરાબ થઇ ગયું. ક્રોધ-ભય-ઉદાસીનતાથી વાતાવરણ કલુષિત બની ગયું. પ્રેશર, ટેન્શન, હાર્ટ અટેકને આમંત્રણ અપાઇ ગયું. શું મેળવ્યું ? શું ગુમાવ્યું ? સજ્જન વિચાર કરજો.

જો તમને જિનશાસન મળ્યું છે... પર્વાધિરાજ જેવા પર્વ મળ્યા છે... કષાયની આગથી તપી રહેલા જીવોને ઠારનાર જિનવાણીરૂપી પાણી મળ્યું છે તો જીવન બાગ બનવું જ જોઇએ. ઘર-ઘરમાં... ઘટ-ઘટમાં આનંદ-ઉત્સાહ-સ્વર્ગનું વાતાવરણ જામવું જ જોઇએ. એના માટે નમતા શિખવાનું છે. ખમતાં શિખવાનું છે... નાની મોટિ નુકસાનીને પચાવતાં શિખવું જોઇએ.

સવારનો સમય હતો... બાળકો ઉઠીને મસ્તી મજા કરી રહ્યા હતા...

સસરાજી તથા સ્વામિનાથ છાપું વાંચી રહ્યા હતા... ત્યાં દુધવાળો આવ્યો...

વહુ તપેલી લઇને દુધ લેવા ગયા... દુધ લઇને પાછા વળતાં પોતાની જ સાડીમાં પગ અટક્યો...

વહુ પોતાનું સંતુલન જાળવી ન શક્યા... નીચે પડી ગયા... દુધ ઢોળાઇ ગયું...

સાસુજી-સસરાજી દોડતા આવ્યા... સ્વામિનાથ-બાળકો પહોંચ્યા...

શું થયું ? શું થયું ? ચક્કર આવી ગયા ? તબીયત ઠીક નથી ?

સાસુજીએ હાથ પકડી ખુર્સી ઉપર બેસાડી દીધા.

બેસી જા થોડીવાર... ક્યાં વધુ વાગ્યું તો નથીને ?

દિકરાની સામે જોઇને કહ્યું જા બેટા ! બીજું બે લીટર દુધ લઇ આવ.

નાની બેબીને જા બેટા ! મલમની બાટલી લઇ આવ...

સાસુજી વહુને મલમ લગાડવા બેસી ગયા...

બે-પાંચ મિનિટમાં ઘરનું વાતાવરણ હસી-મજાક-કલ્લોલ કરતું થઇ ગયું...

વહુના મનમાં સાસુ-સસરાજી પ્રત્યે બહુમાન બમણું થઇ ગયું. સાસુજીએ વહુને પ્રેમ-લાગણી-હુંફ આપી તો વહુએ સાસુજીને માન-સન્માન આપ્યું. આ તો પ્રસન્નતાની પ્રભાવના છે. **ભાવના એકને તારે પ્રભાવના સ્વ-પર બધાને તારે.**

આ અમૃત ચક્ર છે. ઘરને...પરિવારને...વાતાવરણને સ્વર્ગ બનાવે છે.

આત્મ નિરીક્ષણ કરીએ હું વિષ ચક્રનો ચાલક છું ? કે અમૃત ચક્રને ફેરવનાર છું ? જ્યાં જાઉં ત્યાં આગ લગાડું કે જ્યાં જાઉં ત્યાં બાગ બનાવું.

આગની દોસ્તી અનાદિની છે... દિવાસળી પ્રગટાવી આગ લગાડી ક્ષણવારમાં હર્યાભર્યા જીવન-ઘર-વાડીને બાળીને ભસ્મીભૂત કરવામાં કોઇ મહાનતા નથી. એમાં કોઇ મહેનત પણ નથી... એમાં કોઇ લાભ પણ નથી પરંતુ એકાંતે નુકસાની જ છે.

પ્રભુ શાસનને... પર્વાધિરાજ પર્વને... ક્ષમાપનાના કર્તવ્યને પામીને

મારે બળવું નથી... કોઇને બાળવું નથી. મારે તપવું નથી... કોઇને સંતાપ આપવો નથી.

મારે દુઃખ - દુર્ગતિમાં જવું નથી. મારે ઠરવું છે... બધાને ઠારવા છે.

મારે ખમવું છે... સહુને ખમાવવા છે. મારે જીવનને બાગ બનાવવું છે.

સુખ - શાંતિ - સદ્‌ગતિના ભાગી બનવું છે... એટલે જ મારે ક્ષમાપનાનો શણગાર સજવો છે.

# વીરનો ધર્મ – ક્ષમા

કાઠિયાવાડનું ગામ... નામ દેવળિયું...

દરબારનું નામ મંદોદરખાન...

દરબાર આમ તો મુસલમાન હતા પરંતુ અસલ રાજપૂતનો. ગામની વસ્તીને પેટની દિકરીની જેમ સાચવે. પ્રજા પણ એમને પિતાના સ્થાને માને.

એકદા ધૂળેટીનો દિવસ હતો. દરબારનો આઠ વરસનો દિકરો સરખે સરખા છોકરા સાથે ધૂળ, રંગ, ગારો ઉડાડવામાં ગુલતાન હતો. ગામના પાદરે હોળીના ઘેરૈયાનું મોટું ટોળું ભેગું થયું હતું.

એવામાં સામેથી ઉજળા કપડા પહેરીને આવતો કોઇ વટેમાર્ગુ દેખાયો. બધા તેને રંગવા તેની સામે દોડ્યા. આવનાર વટેમાર્ગુએ બેબકળા થઈને બુમો પાડવા માંડી – 'મને જવા દ્યો – ભલા થઈને મને છોડો. '

ધૂળેટીનું પર્વ જ મૂળ ગાંડું. લોકો શેના સમજે ? લોકો આગળ ધસતા હતા તેમને આઘા રાખવા માટે આવનારે પોતાની તલવાર મ્યાન સહિત વીંઝવા માંડી. ધૂળ-રંગ અને ગારામાં કશી સમજણ પડતી ન હતી. અચાનક ધબ કરતાં અવાજ સાથે કોઇ નીચે પડ્યું. એ હતો દરબારનો દિકરો. ધમાધમીમાં તલવારનું મ્યાન નિકળી ગયું... છોકરાને મર્મસ્થાને તલવારનો ઘા વાગ્યો. હોહા મચી ગઇ. ટોળું વિફર્યું... ટોળાને વિવેક હોતો નથી. 'મારો-પકડોની બુમો સાથે સહુ પેલા વટેમાર્ગુને મારવા દોડ્યો. એ બિચારો જીવ લઈને નાઠો.

દરબારને ખબર પડી. તેઓ પોતાની ઘોડી પર બેસીને એ માણસની પાછળ ગયા. તીરની જેમ ધસતી

ઘોડી તુરત પેલાને આંબી ગઇ. ભાગનાર ઉભો રહી ગયો. એણે તલવાર પોતાના ગળે અડાડી. દરબાર થંભી ગયા. પૂછ્યું – ''કોણ છો ?'' સામેથી જવાબ આવ્યો. – ''ચારણ''

દરબારે પૂછ્યું – ''કુંવરને કેમ માર્યો ?''

ભગવાન જાણે હું તો જતો હતો ડેલીએ, ભેંસો મરી ગઇ. ઘરમાં ધાન ન હતું. તે ચારણીયાણીએ કહ્યું કે દેવળિયે જાઓ. દરબાર દિલાવર છે. કંઇક આપશે. છોકરાને બટકું મળશે. ચીંથરા જેવા કપડામાં દરબાર પાસે કેમ જવું ? તેથી એક જોડ સારી હતી તે પહેરીને આવતો હતો. ત્યાં આ કમઠાણ થયું.'

દરબાર આખી વાત સમજી ગયા. ગોકીરો કરતું લોકોનું ટોળું નજીક આવતું જતું હતું. દરબાર ઘોડી ઉપરથી ઉતરી પડ્યા. ચારણને કહ્યું – 'ગઢવી લે આ ઘોડી, ચડીને ભાગવા માંડ'

ચારણે કહ્યું – 'શું કહો છો ?'

દરબારે કહ્યું – 'બરાબર કહું છું. વાત કરવાનો વખત નથી. લોકોના હાથમાં આવીશ તો જીવતો નહિં છોડે. માટે ભાગ.'

'પણ તમે કોણ ? ગઢવીએ પૂછ્યું.

દરબારે કહ્યું – 'ઓળખાણ પછી કરજે. અટાણે નાસવા માંડ.' આટલું કહી ચારણને ઝાલીને ઘોડી પર બેસાડી ઘોડીને ઈશારો કર્યો. ઘોડી વિજળી વેગે નાઠી.

લોકો આવી પહોંચ્યા. દરબાર કહે છે – 'ચારણ ભારે જબરો, હાથમાં તો ન આવ્યો પણ ઘોડી અને

તલવાર બેય લઇ ગયો.' લોકો માને શેના ? દરબારે તેમને કહ્યું – 'એણે કુંવરને જોઇ જાણી ક્યાં માર્યો છે ? થાવા કાળ થઇ ગયું હાલો, હવે કુંવરની મૈયત કાઢીએ ?''

એક બાજુ દયા અને બીજી બાજુ ડહાપણના ત્રાજવે તોલીને દરબારે એ કપરી ક્ષણે કેવો શ્રેષ્ઠ નિર્ણય લીધો ? ક્ષમા આત્મસંયમ વિના થાય નહિં. કટોકટિના સમયે જાતને જાળવી લેવી એ સહેલી વાત નથી. માટે જ કહેવાય છે – 'क्षमा वीरस्य भूषणम्' ક્ષમા વીરનું ભૂષણ છે.

પોતાના દિકરાનું જેના હાથે મોત નિપજ્યું છે... પોતાનો હવે કોઇ વારસ નથી... આવી વિકટ પરિસ્થિતિમાં હત્યારાને ત્યાંથી પોતાની ઘોડી આપી હેમખેમ ઘેર પહોંચાડવા એમાં અપૂર્વ સત્વ જોઇએ... સત્વ વિના આવી સમતા અને ક્ષમા જીવનમાં આવી ન શકે. પોતાની જાતને આવી સ્થિતિમાં મૂકી જુઓ... આવી સ્થિતિમાં આપણે શું કરીએ ? શુરવીર બનીએ કે કાયર બનીએ ? ક્ષમાની શરણાગતિ કે બદલાની ભાવના ? અંતરમાં ડોકીઓ કરીશું તો સત્ય સમજાઇ જશે. આવા મરણતોલ મોહના ફટકારમાં જે વીર હોય એ જ ક્ષમા આપી શકે સમાધિમાં ટકી શકે. બીજાનું શું ગજું ? કાયર તો કષાયને આધીન બની ભવોભવની વેરની પરંપરા ઉભી કરી નાંખે.

પર્વાધિરાજ જેવા પર્વ પામીને આપણે સમતાના અમીપાન કરવાના છે. આત્મસંયમ દ્વારા કષાય વિજેતા બનવાનું છે. ક્રોધમાનાદિનું ઝેરીલું ચક્ર અટકાવીને પ્રેમ-મૈત્રીના અમૃત ચક્રના સ્વામિ બનવાનું છે. અનાદિના વેરથી વેરને શમાવવાની અજ્ઞાનતા ભરેલી ચેષ્ટાઓ કરતા આવ્યા છીએ.

**વેરથી વેર શમે નહિં જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં...**
**પ્રેમ ધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શિરનામી...**

હવે ચોર્યાસી લાખ જીવોની સામે મૈત્રીનો હાથ લંબાવવાનો છે. અનાદિની વેર-ઝેરની પરંપરાને તોડી-ફોડીને મૈત્રીના મંગલગીત ગાવાના છે. જીવનમાંથી ઝેર ભરેલી પ્રવૃત્તિને દૂર કરીને અમૃત વર્ષા કરવાની છે. એના માટેનો અત્યંત અનુકુળ અવસર એટલે પર્વાધિરાજ પર્વ. નાના બનીએ... નમ્ર બનીએ. ખમીએ... ખમાવીએ. કારણ ? જે ખમે છે તે જ આરાધક છે. જે ખમતો નથી તે આરાધક નથી.

ક્ષમા !

આપણા રોજબરોજના જીવનમાં ક્ષમા ને સ્થાન ખરું ? આપણે ક્ષમામાં માનીએ છીએ કે ઇંટનો જવાબ પત્થરથી આપવામાં માનીએ છીએ ? જ્યાં બે વાસણ ભેગા થાય એટલે ખખડે જ. આપણે સમાજ પ્રિય પ્રાણી છીએ. રોજ ઘણા વ્યક્તિઓ સાથે વ્યવહાર ચાલે. એમાં ક્યારેય કડવાશ આવે છે ? ક્રોધ-આવેશમાં ક્લેશ થાય છે. ત્યારે આપણો વ્યવહાર કેવો ? સમતાધારી બનીએ કે જેવા સાથે તેવા થઇએ તો સંસારમાં રહિએ એ માન્યતાને અનુસરીએ ? ઘણીવાર ક્ષમા અને સમતાના પાઠ પણ સ્વાર્થ ખાતર... નુકસાની થી બચવા ભણવા પડે છે - ભણીએ છીએ. શાસ્ત્રકાર મહર્ષિઓએ ક્ષમા પાછળના આપણા ભાવો અને હેતુને નજરમાં રાખીને ક્ષમાના અનેક પ્રકાર કહ્યા છે. જેમાં પાંચ પ્રકાર મુખ્ય છે -

**(૧) અપકાર ક્ષમા** - મારાથી બળવાન વ્યક્તિ સામે છે. એ ગુસ્સો કરે, ગમે તેવા વચન કહે પણ હું

સહન કરી લઉં. સામે બોલીશ ગુસ્સો કરીશ તો મને જ નુકસાની થશે. એના કરતાં ન બોલવું સારું. ક્યારેક મકાન માલિક આવીને તતડાવે... ક્યારેક બોસ ભૂલ ન હોય છતાં ગમે તે સંભળાવી દે... ગલીનો ગુંડો આવીને ધમકી આપી જાય એલફેલ વચન સંભળાવી જાય ત્યારે આપણા સ્વાર્થના રક્ષણ માટે આપણે સામનો કર્યા વગર બધું સંભાળી લઈએ... સહન કરી લઈએ એ અપકાર ક્ષમા છે.

(૨) **ઉપકાર ક્ષમા** - આપણા મહાન ઉપકારી માતા-પિતા હોય... શિક્ષક કે વિદ્યા ગુરુ હોય તેઓ ક્યારેક આપણી ભુલ હોય ન હોય તો પણ આપણી ભુલ કાઢિને આપણા ઉપર ક્રોધ કરે... કડવા કે તીખા વચન કહે તો પણ એમના મહાન ઉપકારોને યાદ કરીને એમને બધું જ કહેવાનો અને કરવાનો અધિકાર છે એમ સમજીને નમ્રતા પૂર્વક એમના ક્રોધથી ભરેલા વચનો-ઠપકા શાંતિપૂર્વક સહન કરીએ તે ઉપકાર ક્ષમા છે.

આ બે ક્ષમાઓ ધર્મને ન જાણનારા પણ ઘણા જીવો રાખતા હોય છે. પરંતુ આગળની ઉત્તરોત્તર વિશેષ-વિશેષ ક્ષમાઓ આત્મસાત કરવા પુરૂષાર્થ આદરવાનો છે.

(૩) **વિપાક ક્ષમા** - વિપાક એટલે ફળ. કડવા ફળ છે ક્રોધના એમ જાણે... ક્રોધથી થતી શારીરિક વેદના સમજાય... ક્રોધથી વધતા માનસિક તાણ (Tension) ને જાણે, ક્રોધથી સમાજમાં અપયશ મળે એમ વિચારીને ક્રોધથી પાછો હઠે. અતિ ક્રોધ મને સર્પાદિ દુર્ગતિ આપશે... નરકાદિમાં દુઃખ - પીડા આપશે એમ જાણીને પોતાના ક્રોધને ઓછો કરે... ક્ષમાને ધારણ કરે તે વિપાક ક્ષમા છે.

(૪) **વચન ક્ષમા** - જિનવાણીને સાંભળીને ક્રોધના સ્વરૂપને સમજે. ક્રોધ દુર્ગતિ દાતાર છે.... ક્રોધ

ચાંડાળ છે... ક્રોધ પ્રીતીનો નાશ કરનાર છે આદિ વચનોને સતત સ્મરણમાં રાખીને ક્રોધને વશ કરે અને ક્ષમાને ધારણ કરે તે વચન ક્ષમા છે. પરમાત્માના ''બુઝ...બુઝ...ચંડકૌશિક બુઝ'' ના સંદેશને સાંભળીને દષ્ટિ વિષ ચંડકૌશિક સર્પ બુઝી ગયો એ પણ વચન ક્ષમાનો જ પ્રભાવ અને પરિણામ છે. આપણા જીવનમાં સતત પ્રભુના વચનો નજર સમક્ષ રહે તો ધીરે ધીરે આપણા ઉપર પણ એ વચનોના ચિંતન-મનનથી અસર થાય. ક્રોધ મંદ પરિણામી બને. ક્ષમા-સમતામાં વૃદ્ધિ થાય.

ક્રોધ ભરેલો... હત્યારો ચિલાતિ પુત્ર મુનિના 'ઉપશમ-સંવર-વિવેક'નો વિચાર કરતો ધ્યાનમાં રહ્યો. હાથમાંથી તલવાર અને સુષ્માનું મસ્તક બન્ને છુટિ ગયા. રાગ-દ્વેષના પરિણામ રૂપ વસ્તુઓ હાથમાંથી સ્વયંમેવ નીચે પડી ગઇ. ક્રોધ નાશ પામ્યો. ક્ષમા અને સમતા વિસ્તાર પામી. ચિલાતિ પુત્રે આત્મ કલ્યાણ સાધી લીધું. આ ચમત્કાર છે વચન ક્ષમાનો.

**(૫) ધર્મ ક્ષમા / સ્વભાવ ક્ષમા -** ચંદનના કણ કણમાં સુવાસ છે... ઘીના કણ કણમાં સ્નિગ્ધતા છે... જલના કણ કણમાં નિર્મળતા છે... ખાંડના કણ કણમાં મિઠાસ છે તેમ આત્માના સર્વ પ્રદેશમાં ક્ષમા વ્યાપ્ત છે. ક્રોધ એ વિભાવ દશા છે તો સમતા એ આત્માની સ્વભાવ દશા છે. અનાદિ થી વિભાવ દશામાં રહેલો આ જીવ ધીરે ધીરે ક્ષમાનો અભ્યાસ કરે એટલે પહેલા અપકાર-ઉપકાર ક્ષમા આવે. પછી ધર્મમાં પ્રવેશે એટલે ક્રોધના વિપાક જાણીને વિપાક ક્ષમા ધારણ કરે. શાસ્ત્ર શ્રવણ - જિનવાણી શ્રવણથી આત્મા પ્રભુની આજ્ઞાને જાણી, પ્રભુના વચનોને હૃદયમાં ઉતારીને વચન ક્ષમાને સાધે. અંતે આત્માના સાચા સ્વભાવને જાણી રોમ રોમમાં ક્ષમા

અને સમતાને વસાવે. એના સ્વભાવમાં સમતા એવી વસી જાય કે એ ઇચ્છે કે ન ઇચ્છે ગમે તેવો અપરાધી સામે આવે... ગમે તેવું વર્તન-વ્યવહાર કરે એ ક્રોધ કરી જ ન શકે. એનાથી ક્રોધ થઇ જ ન શકે. સહજતાથી એ સમતામય જવાબ જ આપે. ક્ષમા આપવી ન પડે. ક્ષમા સ્વયંમેવ થઇ જાય. આચરણમાં આવી જાય. આવી ક્ષમા આત્મસાત કરવાની છે. આવી ક્ષમા જીવનમાં આવશે ત્યારે કલ્યાણની... કૈવલ્યની કેડી હાથમાં આવી જશે.

ગજસુકુમાલને ક્ષમાના પાઠ કોણે ભણાવ્યા...

કર ગડુ મુનિને ક્ષમાનો માર્ગ કોણે બતાવ્યો...

દઢ પ્રહારીને સમતાના અમૃત કોણે પીવડાવ્યો...

નૂતન દીક્ષીત (ચંડરૂદ્રાચાર્ય શિષ્ય) ને ક્ષમા કોણે શિખવાડી...

જ્યાં સુધી ધર્મ કે સ્વભાવ ક્ષમા જીવનમાં ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન દૂર છે. જ્યારે સ્વભાવમાં ક્ષમા-સમતા વસી જાય ત્યારે જ જીવ મરણાંત ઉપસર્ગોમાં પણ સ્થિર રહી શકે છે. એના પ્રત્યાઘાત સ્વરૂપે સર્વ કષ્ટો-વિપત્તિઓ સહજતાથી સહન થઇ જાય છે... સહન કરવી નથી પડતી. ક્ષમા આપવી નથી પડતી... પોતાની મેળે ક્ષમા ટકી રહે છે. આત્માની સ્વભાવ દશા જ જો ક્ષમા અને સમતા છે તો એ આત્માને છોડીને જશે ક્યાં ? આપણે ઉચ્ચ સમતાની ભાવના ભાવી પુરૂષાર્થ આદરવા સજ્જ બનીએ.

**કરી સમતાના પાન, વર્યા મુક્તિ સોપાન મહાસંત ક્યારે થઈશું અમે એવા સંત ?...**

# ધોળી ધજા

કવિ દલપતરામ ડાહ્યાભાઇ, અર્વાચીન ગુજરાતી કવિતાના પિતામહ...

કવિ ડાહ્યાભાઇ ધોળશાજી, જુની ગુજરાતી રંગભૂમિના સમર્થ નાટ્ય લેખક...

બન્ને સમકાલીન અને સમર્થ સર્જક. બન્ને વચ્ચે સારા સંબંધ. ઘનિષ્ટ મૈત્રી હતી. બધા દિવસો સમાન નથી હોતા. એક કમનસીબ પળે બન્ને વચ્ચેના સંબંધો બગડ્યા. મૈત્રીમાં એવી તિરાડ પડી કે બન્ને એક બીજાનું મોઢું જોવા પણ રાજી નહિં રસ્તામાં ક્યાંક સામે મળે તો રસ્તો બદલાવી નાંખે. ગાડી ત્યાં જ ન અટકી પણ આગળ વધી ગઇ. બન્નેની લેખની એક બીજા માટે આક્ષેપાત્મક લેખો લખવા લાગી. એમના સ્નેહી સ્વજનોએ બન્ને વચ્ચેના સમાધાનના ઘણા પ્રયત્નો કર્યા પણ બધા નિષ્ફળ ગયા.

ડાહ્યાભાઇ જૈન હતા. પર્વ આવતાં ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા ગયા. પર્વાધિરાજ પર્વના મુખ્ય કર્તવ્યરૂપ ક્ષમાપનાના મહત્વને સમજાવતાં પ્રવચનકાર મુનિરાજે કહ્યું - ‘‘વેરના વેલાને ઉગતો જ કાપી નાંખો. વ્યવહારમાં ક્યારેક કોઇની સાથે મનદુઃખ થઇ જાય એ સ્વાભાવિક છે. પણ પછી એને લંબાવવાનું ન હોય. જીંદગીના અંત સુધી એ નિમિત્તે વૈર-વિરોધ ચાલુ રાખવાં એ અવિચારીપણું છે. કેટલાક તો આવેશમાં આવીને ત્યાં સુધી કહે છે કે સાત જનમ સુધી નહિં ભૂલું. ! તમે જાણો છો કે યુદ્ધ ચાલતું હોય ત્યારે જે પક્ષને સુલેહ કરવી હોય ને ધોળી ધજા ફરકાવે એટલે સામા પક્ષે પણ હથિયાર હેઠાં મુકવાં જ પડે. ભાઇઓ ! માથે ધોળાં આવે એ પણ ધોળી ધજા જ છે ને ? બસ, હવે લડાઇ ચાલુ રખાય જ નહિં. આ જીંદગીનાં વેર-ઝેર પરલોકમાંય

સાથે ચાલે એ તો ઘણું જ ખરાબ કહેવાય. દુનિયાથી વિદાય લઈએ તે પહેલાં ચોપડા ચોખ્ખો કરી લેવા ઘટે.''

મુનિરાજની આ વાત ડાહ્યાભાઈને ઘણી જ અસર કરી ગઈ. એમને થયું અમારા જેવા આવી રીતે ઝગડે એ બન્ને માટે શોભાસ્પદ નથી. દલપતરામ સાથે ચાલતા ઘર્ષણને હવે પૂર્ણવિરામ આપવું જ જોઈએ. વાત પતાવી નાંખવી જોઈએ. કવિની સાથે ક્ષમાપના કરી લેવાનો નિર્ણય લઈને પહોંચ્યા કવિના ઘરે. કવિ હીંચકા પર બેઠા હતા. ડાહ્યાભાઈને ઘરમાં પ્રવેશ કરતાં જોઈને કવિ તો સ્તબ્ધ બની ગયા. ડાહ્યાભાઈએ કહ્યું – ''દલપતરામ આપણા બંનેના માથે ધોળાં આવી ગયા છે. ધોળી ધજા એટલે યુદ્ધ વિરામ, હવે આપણને ઝઘડા ન શોભે. જે થયું તે થયું. અમારા પર્યુષણ ચાલે છે. હું માફી માંગવા આવ્યો છું. તમને દુભાવ્યા છે તેની ક્ષમા માગું છું.

દલપતરામ જેવા સહૃદ કવિજનને આ લાગણી ન સ્પર્શે એ કેમ બને ? હર્ષના આંસુ વહાવતા એ ડાહ્યાભાઈને ભેટી પડ્યા ને પોતે પણ માફી માંગી. દ્વેષ-દુર્ભાવના નીતરી જવાથી નિર્મળ બનેલા હૃદયમાં પુરાણી દોસ્તી ફરીથી મહેકી ઉઠી ક્ષમાપનાએ એમના સ્નેહનું નવસર્જન કર્યું. ક્ષમાપનાએ તૂટેલા દિલને જોડનારી દિવ્ય ઔષધિ છે.

ક્ષમાના જળ જીવનમાં સદા વહેતાં રહે તો દિલ તૂટવાનો સંભવ જ ન રહે.

વેરનું વિસર્જન ! સ્નેહનું સર્જન ! આજ તો છે પર્વાધિરાજનો સરવાળો.

પર્વાધિરાજ પર્વમાં તમે કેટલી તપસ્યા કરી... તમે કેટલા પૌષધ કર્યા... કેટલા ચઢાવા બોલ્યા... જીવદયામાં કેટલું લખાવ્યું... સ્વામિવાત્સલ્ય કેટલા કર્યા... કેટલી પૂજા કે આંગી કરી.. એનું મહત્વ ઓછું છે.

પરંતુ તમે ખમત ખામણા કેટલા કર્યા ? વેર - વાંધા - વાદ - વિવાદ - અબોલાની બાદબાકી કેટલી કરી ? સ્નેહના... ક્ષમાના સરવાળા કેટલા કર્યા ? જીવ માત્રમાં શિવના દર્શન કર્યા ? જ્યાં સુધી દૃષ્ટિ નહિં બદલાય ત્યાં સુધી સૃષ્ટિમાં પરિવર્તન ક્યાંથી આવશે ? 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' જીવમાં શિવ દેખાશે પછી શિવ પ્રત્યે અયોગ્ય વર્તન કેવી રીતે થશે ? એ તો સંભવીત જ નથી. પછી તો આપણા જીવનમાં સતત, સર્વત્ર, સર્વદા ધોળી ધજા જ ફરકવા લાગશે. બધી જ જગ્યાએ આપણે સમાધાનના જ મૂડમાં હશું. ક્યાંય આવેશ - ઉદ્વેગ - કષાયના દર્શન નહિં થાય.

હે માનવ !

ધોળો વાળ એ વૈરાગ્યનો બોધ આપનાર છે. તેમજ શાંતિનું... યુદ્ધ વિરામનું પ્રતિક છે. પણ આ વાતને ન સમજનારા આપણા જેવા અજ્ઞાન જીવો ધોળાને પાછા કાળા કરી નાંખે. આપણને કાળાને ધોળા કરવામાં રસ છે કે ધોળાને કાળા કરવામાં રસ છે ? હવે આપણો સમય ધોળાને કાળા કરવાનો નથી પણ ધોળાંને ધોળા જ રાખી જીવનને ધોળું બનાવવાના પુરૂષાર્થમાં લાગી જઈએ. ક્યાંક ક્રોધના... અહંકારના... ઈર્ષ્યાના... માયા-કપટના કાળા ડાઘ જીવનની ચાદરમાં લાગેલા છે એમને વિનય-વિવેક-ક્ષમાના જળથી ધોઈને સાફ કરવામાં... જીવનની ચાદરને નિર્મળ-ઉજ્વલ બનાવવાના કામમાં લાગી જવાનું છે. '**બહોત ગઈ થોડી રહિ**'ના સૂત્રને નજર સમક્ષ રાખીને જીવનના વ્યવહારને ચોક્ખો કરવાનો છે. ક્યારે ગાડિ ઉપડી જશે એની ખબર નથી. '**હાથે તે સાથે**' ના સૂત્ર અનુસાર જીવન સાર્થ કરી લઈએ.

જો આપણે દર વરસની જેમ અંતરની ક્ષમાપના વિના પર્વાધિરાજની આરાધના કરી લઈશું તો આપણી એ આરાધના કેવી કહેવાશે જાણો છો ?

## વરરાજા વિનાની જાન

નાનું એવું ગામ... સુંદર પ્રેમ ભાવના... જાણે એક જ પરિવાર...

ગામના પટેલનો એકનો એક દિકરો... બાજુના ગામના પટેલના દિકરી સાથે સગાઇ થઇ...

લગ્નનો પ્રસંગ આવ્યો... ગામના યુવાનો-મિત્રોએ આખું ગામ શણગારી નાખ્યું...

ગામના બધા ગાડા શણગાર્યા... આજે ગામમાંથી જાન જવાની હતી.

બધા પોતપોતાના ગાડા લઈને પટેલને ત્યાં આવ્યા. એક પછી એક મહેમાનો બેસવા લાગ્યા...

એક ગાડામાં વરરાજા-અણવર અને મિત્રો બેઠા... ધીરે ધીરે ગાડા આગળ વધવા લાગ્યા...

થોડીવાર ગીત... થોડીવાર મજા-મશ્કરી કરતાં ગાડાઓની શરત લાગી કોનું ગાડું પહેલા પહોંચે છે...

બધા ગાડા દોડવા લાગ્યા... એક બીજાથી આગળ નિકળવા આડા-અવળા થવા લાગ્યા... આડા અવળા દોડતાં ગાડામાંથી વરરાજા નીચે ગબડી પડ્યા... ગાડા આગળ નિકળી ગયા... બધા પોતાની મસ્તીમાં એવા મસ્ત હતા કે વરરાજા પડી ગયાનું કોઈને ખ્યાલ ન આવ્યું...

સામે ગામે પહોંચતા જ જોરદાર સામૈયું આવ્યું... બધા સજી ધજીને તૈયાર થયા પણ વરરાજા ક્યાંય દેખાતા નથી... વરરાજા ક્યાં છે ? વરરાજા ક્યાં છે ?... બધા પૂછી રહ્યા છે... અણવર અને જાનૈયાની હાલત

વિચિત્ર થઇ... દોડા-દોડ થઇ ગઇ...

ઘણી શોધખોળને અંતે વરરાજા મળ્યા... મુહૂર્ત સચવાઇ ગયું...

卐 卐 卐 卐

હા, ધર્મબંધુઓ ! પર્વાધિરાજ પર્વ પધાર્યા છે. આઠ દિવસ આપણે ધુમ મચાવીશું... તપ-જપ-ભક્તિ-દાન આદિના ગંગા વહેવડાવીશું. પરંતુ આ મહાપર્વની આરાધનાના હાર્દ સમી ક્ષમાપનાને આપણે ભૂલી જઇશું તો આપણી હાલત પેલા વરરાજા વિનાની જાન જેવી થશે... નજર કરીએ આપણા પોતાના જીવન તરફ... નજર કરીએ પોતાની આરાધના તરફ... ક્ષમાપના સર્વ જીવોની સાથે અંતરથી કરી છે તો આપણી સર્વ આરાધના સફળ છે... બધી જ અન્ય આરાધનાઓ છે પણ સાચી ક્ષમાપના નથી તો બધું જ નિષ્ફળ છે.

કોઇ પણ વ્યક્તિ માટે... વ્યક્તિ પ્રત્યે યા જીવ પ્રત્યે તમારા મનમાં એકાદ પણ અશુભ... અમંગળ... અયોગ્ય... અપવિત્ર વિચાર પેસી જાય તો તરત સાવધાન બનજો... તાબડતોબ એનું ઓપરેશન કરીને વિચારને મનમાંથી કાઢી નાંખજો નહિં તો તમે જ હેરાન-પરેશાન થઇ જશો.

તનના રોગ કરતાં મનના રોગ વધારે ભયંકર છે... ખતરનાક છે. તનના રોગ તો કર્મોને તોડે છે જ્યારે મનના રોગ કર્મોને જોડે છે.

સંવત્સરીની સલુણી સાંજે સર્વ કર્મ ક્ષય કરાવનાર મહાપવિત્ર પ્રતિક્રમણ ભાવભીના અંતરથી કરજો.

નાના બનજો નમ્ર બનજો... ક્ષમાપના માંગજો... ક્ષમાપના આપજો...

વીરના સાચા વારસદાર બની જીવનને ધન્ય બનાવજો.

卐 卐 卐 卐

આપણે તીર્થંકરોના જીવન ચરિત્ર જાણીએ છીએ...

મહાપુરૂષોના જીવન પ્રસંગો જાણીએ છીએ...

કર્મરાજાએ કોઈને છોડ્યા નથી...

જે જે જીવોએ જેવા જેવા કર્મ કર્યા છે તેવા તેવા ફળ તેઓ પામ્યા છે...

કર્મના ઉદયને કોઇ અટકાવી શક્યું નથી.. આવા ઉપસર્ગો-વિપત્તિઓમાં પોતાની સમતા અને સમાધિને ટકાવવામાં મહાપુરૂષોને કોઇ જ અટકાવી શક્યું નથી. એ જ તો એમના જીવનની મહાનતા હતી. આપણે આવી મહાનતાના સ્વામિ ખરા ? આપણી મહાનતાને એ કક્ષાએ પહોંચાડવાની છે. એ માટે પ્રબળ પુરૂષાર્થ આદરવાનો છે. એ પુરૂષાર્થનું રહસ્ય ક્ષમાપનાના અમૃતમાં છૂપાયેલું છે. સર્વ સાધના-આરાધના અને ઉપાસનાનું અંતિમ ધ્યેય-અંતિમ લક્ષ્ય સમતા અને સમાધિ છે. શાસ્ત્રના પાને જેમની ગૌરવ ગાથા લખાણી છે તે બધાએ પ્રાણની બાજી લગાડીને પણ આ મહાપુરૂષોએ પોતાની સમતા-સમાધિને અડોલ રાખી છે.

ઉપસર્ગ અને વિપત્તિઓ કર્માધીન છે. જ્યારે

સમતા અને સમાધિ પુરૂષાર્થાધીન છે.

આપણે પુરૂષાર્થ ક્યાં કરવાનો છે ?... આપણે ક્યાં કરીએ છીએ ? બાહ્ય પરિસ્થિતિ કર્માધીન છે મહેલ મળવો... ફ્લેટ મળવો, દુધપાક મળવો... પાણી મળવું... માન કે અપમાન મળવું... સુખ કે દુઃખ મળવું... મીઠા વેણ કે કડવા વેણ સાંભળવા મળવા... અનુકુળતા કે પ્રતિકુળતા મળવી... સ્વર્ગ કે નરક મળવું, આ બધું

જ કર્મ સત્તાના હાથમાં છે આપણે એમાં કોઇ પરિવર્તન કરવા સમર્થ નથી... છતાં આપણો પુરૂષાર્થ સતત એમાં ફેરફાર કરવાનો છે. સમતા અને સમાધિ આપણા પુરૂષાર્થને આધીન છે, પરંતુ ત્યાં આપણે કોઇ પુરૂષાર્થ કરતા નથી. આપણા પુરૂષાર્થની દિશા બદલાવીએ તો આપણી દશા સ્વયંમેવ બદલાઇ જશે.

ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામિના ચરણ રજથી પાવન,
ચૌદ-ચૌદ ચોમાસાથી ધમધમતી ધર્મી નગરી,
શ્રેણિક જેવા રાજવી અને અભયકુમાર જેવા મંત્રીથી શોભતી,
ધન્ના-શાલીભદ્ર જેવા સૌભાગ્યશાળીઓથી દિપતી,
દાન-શીલ-તપ-ભાવથી ઐશ્વર્યવંતી,
એવી હતી એ રાજગૃહિ નગરી...
જિનાલયોથી અલંકૃત... ધર્મી જનોથી ઉભરાતી...

આવી નગરીમાં સુખ-શાંતિ અને પ્રસન્નતા છવાયેલી હતી. પરંતુ આવી આ રાજગૃહિ નગરીમાં પણ એક પુણ્યહીન ભિખારી હતો... કર્મનો બળીયો હતો... મહા અંતરાય કર્મ ઉપાર્જન કરીને આવેલો જીવ હતો. ઘણી વખત એવું બને છે કે આપણે દેતા તો નથી પણ કોઇ દેતું હોય એને પણ અટકાવીએ. જેથી અંતરાય કર્મ બંધાય... એ વસ્તુની પ્રાપ્તિ આપણા માટે દુર્લભ બની જાય. આ દુઃખીયારો ભિખારી ભારે અંતરાય કર્મ બાંધીને આવ્યો હતો કે ગલીએ ગલીએ ફરી વળ્યો પરંતુ ક્યાંયથી એક કોળિયા જેટલો પણ આહાર ન મળ્યો.

એક દિવસ... બે દિવસ... ત્રણ દિવસ...

ત્રણ-ત્રણ દિવસ વીતી ગયા છતાં આહાર ન મળ્યો. ત્રણ લાંઘણ થઇ ગયા. ચોથા દિવસે કોઇ તહેવાર હતો. બધા ગામવાસીઓએ ગામથી બહાર... પર્વતની તલાટિએ પર્વ ઉજાણીનો મહા મહોત્સવ રાખ્યો હતો. ત્યાં તો મને જરૂર ખાવાનું મળશે એ આશાથી આ ભિખારી ગામ બહાર ઉજાણીના સ્થળે આવ્યો. બધા ખાવા-પીવામાં, મોજ-મજા માણવામાં, હરવા - ફરવામાં મગ્ન હતા. કોઇને કોઇની પડી ન હતી. બિચારો ભિખારી બધાની પાસે જઇ આવ્યો... યાચના કરી આવ્યો. કરગરી-કરગરીને બે કોળીયા ભિક્ષાની ભીખ માંગવા લાગ્યો. પરંતુ ખરેખર કર્મનો બળીયો હતો. કોઇના કાને એના શબ્દો પડતા નથી. કોઇ એને કશું જ આપતા નથી. જીવ કર્મ બાંધે છે ત્યારે વિચાર કરતો નથી. ઉદયમાં આવે ત્યારે બોર-બોર આંસુઓ પાડે છે. કર્મના કાયદાથી અજ્ઞાન ગામના જીવોને દોષ આપે છે. આ નગરીના લોકો જ આવા છે... પેટભરા છે. પોતાનું પેટ ભરાઇ ગયું તો બીજાની ચિંતા કરતા નથી. બધાને મારી નાંખવા છે... એકને પણ જીવતો છોડવો નથી. ક્ષુધા વેદના ક્રોધમાં પરિણમી, જો જીવ કર્મસત્તાનો વિચાર કરે તો પોતાનો દોષ દેખાય પણ કર્મસત્તાનો વિચાર ન આવે તો દુનિયાના બધા જ જીવો દોષિત દેખાય. પોતે નિર્દોષ દેખાય.

બસ ! અહિં પણ આવું જ થયું. પોતાના કર્મ ન સમજાયા બીજા બધા દોષિત દેખાયા. હમણાં પર્વત ઉપર ચઢું અને મોટિ મોટિ શીલા એવી ગબડાવું કે બધા જ નગરવાસીઓ એની નીચે કચડાઇને મરણ શરણ થાય. પોતે શું કરી શકશે ? શું થશે ? એની જીવને ખબર નથી પરંતુ મનના વિચારોને વિચારોમાં જીવ કેવા કર્મ બાંધી લે છે. ઉપર ચઢવાની પણ શક્તિ નથી છતાં જેમ તેમ ઉપર પહોંચ્યો. મોટિ શીલાને શોધી કાઢિ. ક્રોધ શાંત થતો નથી વધુ ને વધુ ભડકી રહ્યો છે. ક્ષમા અને સમતા ભૂલાઇ ગયા છે. પોતાની શક્તિનો વિચાર કર્યા

વગર કર્મના ઢગલાને ઢગલા બાંધી રહ્યો છે. બધાને ખલાસ કરીશ. એક ને પણ નહિં છોડું. ચાર-ચાર દિવસથી મને સંતાપ્યા છે હવે એમને એનું ફળ ચખાડીશ. આવા ને આવા વિચારોમાં મોટિ શીલાને નીચે ગબડાવવા જોર કરી રહ્યો છે. શીલા ટસ ની મસ થતી નથી... તસુભર પણ સરકી નથી. એના આ પ્રયત્નોમાં પોતાનો જ પગ લપસ્યો અને શીલાને બદલે સ્વયં ગબડી પડ્યો. ગબડતો-ગબડતો, અથડાતો - કુટાતો ઠેઠ નીચે આવી પહોંચ્યો. પોતાના ઉપર જ અન્ય શીલા ગબડી પડતાં ત્યાં જ રૌદ્ર ધ્યાનમાં મૃત્યુને ભેટ્યો. નરક ગતિમાં જઇ પહોંચ્યો.

આપણને જ્યાં સુધી બાહ્ય પરિસ્થિતિ જ દેખાશે ત્યાં સુધી આપણી આવી જ હાલત રહેવાની છે. જ્યારે આપણી દૃષ્ટિ અંદર તરફ વળશે ત્યારે આપણને આપણા દોષો, કર્મો અને પાત્રતા દેખાશે. પછી ક્રોધ બીજા ઉપર નહિં આવે પણ પોતાની જાત ઉપર આવશે. અજ્ઞાન દશામાં કેવા કેવા કર્મો બાંધીને આવ્યો છું ? એનું ચિંતન વિચારણા થશે. આપણે પર્વાધિરાજ પર્વને બાહ્યમાંથી અભ્યંતરમાં... દેહમાંથી આત્મામાં... આલોકના સ્વાર્થમાંથી પરલોક તરફની દૃષ્ટિને પામવાનું મહાપર્વ બનાવવાનું છે **કલ્પસૂત્ર આપણી દિવ્ય દૃષ્ટિને ખોલનાર Master key... અલૌકિક ચાવી છે.** આ ચાવી જેમણે હસ્તગત કરી છે એમનો બેડો પાર થયો છે. એમને આત્માના ઐશ્વર્યના દર્શન થયા છે. હવે એમને બાહ્ય પદાર્થો... બાહ્ય વૈભવ અત્યંત તુચ્છ લાગે છે. મહાયોગી આનંદઘનજી કહે છે -

**પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન જિનેશ્વર.**

દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ એ પર્વાધિરાજ પર્વની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે. જેમને જિનશાસન મળ્યું એમને

પર્વાધિરાજ પર્વ જેવા પર્વ મળ્યા... પ્રવચન અંજન કરનાર સદ્ગુરુ મળ્યા... આ અંજન જેમણે સ્વીકાર્યું એ અલૌકિક-દિવ્ય દૃષ્ટિના સ્વામિ બન્યા. આપણે ક્યાં પહોંચ્યા ? જેમને દિવ્ય દૃષ્ટિ મળી એમને પોતાના માર્ગથી કોઇ જ હલાવી ન શકે. ચલાયમાન ન કરી શકે.

કૃષ્ણ મહારાજાની સોનાની દ્વારીકા નગરી... પ્રભુ નેમિનાથના પગલે પાવન બનેલી ભૂમિ...

અઢાર હજાર સાધુઓથી ધાર્મિક-પવિત્ર બનેલું ક્ષેત્ર...

એકદા પ્રભુ નેમિનાથ સપરિવાર પધાર્યા. નગરીમાં આનંદોત્સવ છવાઇ ગયો. પણ અહિં એક આશ્ચર્ય સર્જાયું. જેવી રીતે મહાવીર પ્રભુએ પોતાના ચૌદ હજાર સાધુઓમાં ધન્ના અણગારને વખાણ્યા હતા. તેવી જ રીતે શ્રી નેમિનાથ પ્રભુએ પોતાના અઢાર હજાર સાધુઓમાં ઢંઢણ મુનિને વખાણ્યા હતા. આવા ઢંઢણ મુનિ ગોચરીએ જાય એમને આહાર ન મળે. એ કોઇ સાધુની સાથે જાય તો સાથેના સાધુને પણ આહાર ન મળે.

**કેવી છે આ કર્મસત્તા ? કેવું છે આ કર્મવિજ્ઞાન ?**

ધર્મીજનોથી ઉભરાતી દ્વારીકા નગરી... સુપાત્ર દાનના મહિમાને જાણતી અને માણતી દ્વારીકા નગરી... અઢાર હજાર સાધુઓની ઉછળતા હૈયાના ભાવથી આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર દ્વારા ભક્તિ કરતી દ્વારીકા નગરી. આવી આ નગરીમાં અઢાર હજાર સાધુઓને આહાર પાણી મળે... ઢંઢણ મુનિને ન મળે...

**કેવું છે આ અંતરાય કર્મ ?**

કોઇ પણ પરિવારના, સમાજના, સંઘના, શાસનના શુભકાર્યમાં અંતરાય કરતા - વિઘ્ન નાંખતા વિચાર કરજો આ કર્મ અનેકગણું બનીને પઠાણી વ્યાજ સાથે મને જ નડવાનું છે. મારા પ્રત્યેક કાર્યમાં એ વિઘ્નરૂપે

બનવાનું છે. ઢંઢણમુનિએ પૂર્વ ભવમાં નોકરોને ખાવા પીવામાં અંતરાય કર્યો હતો. જમવાનો સમય થઇ જાય છતાં કામ કરાવ્યે રાખે. ભૂખ્યા-તરસ્યા નોકરો નિસાસા નાંખીને કામ કરે. આ કર્મ અહિં ઉદયમાં આવ્યું. રોજ રોજ ગોચરીએ જાય આહાર લેવાની ઇચ્છા હોય પણ આહાર ન મળે એટલે ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લે. રોજ રોજ આવું બનવા છતાં ઢંઢણ મુનિ સ્વસ્થ છે... મસ્ત છે. કારણ દિવ્ય દૃષ્ટિના સ્વામિ છે... જિનશાસનને પામેલા છે... જિનશાસનના હાર્દને જાણે છે, સમજે છે, આત્મસાત કર્યું છે. પ્રભુ પાસે નિયમ લીધો છે. મને કર્મ ખપાવવા છે એટલે સ્વલબ્ધિથી આહાર ન મળે ત્યાં સુધી હું ઉપવાસ કરીશ.

એક દિવસ... બે દિવસ... આઠ દિવસ... પંદર દિવસ... મહિનો... બે મહિના... સમય વીતતો જાય છે ઢંઢણ મુનિનો નિત્યક્રમ ચાલુ છે... ઉપવાસ ચાલુ છે. ધીર-વીર છે. સહજ ભાવમાં કોઇના ઉપર આરોપ કર્યા વગર સમતા-સમાધિથી કર્મ નિર્જરા કરી આનંદ માણી રહ્યા છે. આમ કરતાં છ-છ મહિનાનો સમય વીતી ગયો. આજે ઢંઢણ મુનિને ગોચરીમાં લાડવા મળ્યા. છ મહિના પછી પારણાનો અવસર આવ્યો. ગોચરી લઇને પ્રભુ પાસે આવ્યા. પ્રભુને વંદના કરીને પૂછે છે - ''પ્રભુ ! શું મારા અંતરાય કર્મ નાશ પામી ગયા ?'' પ્રભુએ કહ્યું - ''હે વત્સ ! તારા અંતરાય કર્મ હજી તુટ્યા નથી. આ તને સ્વલબ્ધિથી મળેલો આહાર નથી પરંતુ માર્ગમાં તને કૃષ્ણ મહારાજાએ હાથી ઉપરથી ઉતરીને વંદન કર્યા એ જોઇને તમને કૃષ્ણ મહારાજા વંદન કરે છે. તેથી તમે મહાન છો એમ માની શ્રેષ્ઠિએ વહોરાવેલા આ આહાર કૃષ્ણ મહારાજાની લબ્ધિનો છે. તેથી અંતરાય કર્મક્ષયની ઇચ્છાવાળા તમારા માટે લેવા યોગ્ય નથી.''

પ્રભુના આવા વચનો સાંભળ્યા પછી પણ ઢંઢણમુનિ સ્થિર છે.. સ્વસ્થ છે. એમના મનમાં ક્યાંય

આકુળતા-વ્યાકુળતા નથી. પ્રભુની આજ્ઞા લઈને આહાર પરઠવા જાય છે. છ મહિના પછી પારણાનો આવેલો અવસર પણ હાથમાંથી સરકી ગયો એનો ક્યાંય અફસોસ નથી. આ છે દિવ્ય દૃષ્ટિનો પ્રભાવ. દિલ અને દિમાગમાં કર્મસત્તાના જ વિચારો છે. પોતે અજ્ઞાન દશામાં કેવા કઠિન, નિકાચિત કર્મ બાંધ્યા છે એની જ વિચારણા છે. બધો દોષ મારો જ છે. પોતાના કર્મ અને દોષોને દૂર કરવાના ઉત્કૃષ્ટ ભાવમાં લાડવામાં માટિ ભેળવીને ચૂરો કરી રહ્યા છે. ચૂરો કરતાં કરતાં ભાવધારા એટલી ઉંચી પહોંચી ગઈ કે સાથે સાથે કર્મનો ભૂક્કો બોલાઈ ગયો. ચાર ઘાતી કર્મ નાશ પામી ગયા. કેવલજ્ઞાનની જ્યોત ઝળહળી ઉઠી. આ બધો પ્રભાવ સમતાની સાધનાનો છે... ક્ષમાપનાનો છે.. દિવ્યદૃષ્ટિનો છે.

જિનશાસનને ન પામેલા ભિખારીને ત્રણ દિવસ આહાર ન મળતાં આકુળ-વ્યાકુળ થઈ આર્ત-રૌદ્ર ભાવમાં જઈને કેટલાય કર્મો બાંધી લીધા. સમતા ન જાળવી શક્યા કારણ દિવ્ય દૃષ્ટિ ન હતી. પોતાના કર્મોની સમજણ ન હતી.

આપણે જિનશાસનને પામેલા છીએ... પર્વાધિરાજ પર્વની અનેકદા આરાધના કરી ચુક્યા છીએ છતાં દિવ્ય દૃષ્ટિની... સમતાની...ક્ષમાપનાની સાધના થઈ કે ના થઈ ? જાતને સવાલ પૂછો. જમવામાં... થાળી પિરસવામાં જરાક મોડું થઈ જાય... રસોઈમાં કાંઈક ખામી રહી જાય... આપણા અંતરાય કર્મના ઉદયે કાર્ય સિદ્ધિ ન થાય તો શું આપણે અકળાઈ ઉઠીએ ? કષાય આપણા ઉપર સવાર થઈ જાય કે આપણી દિવ્ય દૃષ્ટિ આપણને આપણી જ ભુલોની આ સજા છે એમ સમજાવવામાં સફળ બની રહે. ચાલો ! પર્વાધિરાજ પર્વના પાંચમા અને મુખ્ય કર્તવ્યને જીવનમાં અપનાવી બાહ્ય સ્થિતિને અનુકુળ બનાવવાના વ્યર્થ પુરૂષાર્થને છોડીને અંતરને ગુણોથી અલંકૃત કરી દિવ્ય દૃષ્ટિને વધુને વધુ વિકસિત કરવા ઉદ્યમશીલ બનીએ.

જેટલા પણ મહાપુરૂષોએ કેવલજ્ઞાનની જ્યોત પ્રગટાવી એમણે અદ્‌ભૂત ક્ષમાપનાની સાધના કરી પોતાના જ દોષોનું દર્શન કર્યું... ઉપસર્ગ કરનારાઓને મહા ઉપકારી માન્યા.. કર્મ નિર્જરામાં સહાયક માન્યા. એમણે ઉપસર્ગ કરનારા ઉપર ક્યારે પણ ક્રોધ કર્યો નથી. ક્રોધ એ કાયરતાની નિશાની છે જ્યારે ક્ષમાપનાએ વીરતાની નિશાની છે. વીરનો વારસદાર વીર હોય કે કાયર ? આપણે કોણ છીએ તે નક્કી કરવાનું છે.

યાદ કરો વીર વારસદારોને... બે આંસુ વહાવી દો પોતાની કાયરતા માટે...

દેખાય છે પહેલા સોનીએ વાધર મસ્તકે વીંટિને તડકામાં ઉભા કરલા મેતારજ મુનિ...

વિના વાંકે ઘાણીમાં પીલાતાં ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો...

ખડ્‌ગદ્વારા હત્યા કરાતા સમરસના દરીયા ઝાંઝરીયા મુનિ...

જીવતાં ચામડી ઉતારવાં છતાં સમતામાં ઝીલતા ખંધકમુનિ...

માથે અંગારા મુકાયા છતાં ક્ષમાના અમૃતપાન કરતા ગજસુકુમાલ મુનિ...

માસક્ષમણના પારણે કડવી તુંબડીના શાકને પેટમાં પધરાવતા ધર્મરૂચિ અણગાર...

વનસ્પતિકાયની વિરાધનાથી ધ્રુજી ઉઠેલા સોમસુંદરસૂરિ...

અપકાયની વિરાધનાથી વ્યથિત થયેલા અર્ણિકાચાર્ય...

વિકલેન્દ્રિયની વિરાધનાથી અસ્વસ્થ બનેલા ધર્મઘોષાચાર્ય...

એમની ગૌરવગાથાને નજર સામે લાવીને એમના જીવનની ભારોભાર અનુમોદના કરો પોતાના જીવનને આવું બનાવવા ક્ષમાપનાની સાચી આરાધનાનો એકડો ઘુંટવા લાગી જઈએ.

# પ્રાર્થના

**હાથ જોડી...**
**હૈયાના**
**ઉત્કૃષ્ટ ભાવ સાથે**
**ખમજો-ખમાવજો**

હે મારા પ્રાણ પ્યારા જીવો !
જેવો મારી અંદર આત્મા છે, તેવો જ આપ સર્વમાં આત્મા છે.
એ દિવ્ય આત્માને હું નિહાળું છું... એ પરમ પવિત્ર આત્માને વંદના કરું છું.
જેમ સુખ મને વહાલું છે, તેમ સર્વ જીવોને વહાલું છે.
આપના એ સુખને મેં ક્યાંય ઠેસ પહોંચાડી હોય, આપની લાગણી દુભાવી હોય,
ક્રોધની આગમાં બળતાં મેં આપને બાળ્યા હોય,
અહંકારની અક્કડતામાં મેં આપને ક્યાંય અપમાનીત કર્યા હોય,
માયામાં રમતાં એવા મારા જીવે આપને ક્યાંય છેતર્યા હોય,
લોભના રંગમાં રંગાયેલા મેં આપના રંગમાં ભંગ કર્યો હોય,
પર્વાધિરાજની પધરામણીની પાવન પળોમાં,
હૈયાને હિમાલય જેવું... મન ને માથેરાન જેવું... અંતરને આબુ જેવું...
કાળજાને કાશ્મીર જેવું... શીતલ અને સૌંદર્યસભર બનાવી
હું ખમું છું... આપ સહુને ખમાવું છું.
આપ સહુ ખમજો, મને ક્ષમા કરજો... મને ક્ષમા કરજો... મને ક્ષમા કરજો...
વિશ્વના સહુ જીવો સાથે મારે મૈત્રી છે... મારે કોઈની સાથે વેર નથી.

**खामेमि सव्व जीवे, सव्वे जीवा खमन्तु मे । मित्तिमे सव्व भूएषु, वेरं मज्ज न केणइ ।।**

# શ્રાવકના વાર્ષિક કર્તવ્ય

મહાપુરૂષોએ આપણા ઉપર અનંત અનંત કૃપા વરસાવી...

પર્વાધિરાજ પર્વ જેવા પર્વ આપ્યા...

પર્વાધિરાજ પર્વના કર્તવ્ય જણાવ્યા...

આપણને જાગૃત રાખવા શ્રાવકના વાર્ષિક કર્તવ્ય જણાવ્યા...

વાર્ષિક કર્તવ્ય એટલે શ્રાવકને વરસમાં એક વખત અવશ્ય કરવા યોગ્ય કર્તવ્ય. આવા અગિયાર કર્તવ્ય જણાવવામાં આવ્યા છે.

(૧) સંઘપૂજન (૨) સાધર્મિક ભક્તિ (૩) યાત્રાત્રિક (૪) સ્નાત્ર મહોત્સવ (૫) દેવદ્રવ્યવૃદ્ધિ (૬) મહાપૂજા (૭) રાત્રિ જાગરણ (૮) શ્રુતપૂજા (૯) ઉદ્યાપન (૧૦) શાસન મહોત્સવ અને (૧૧) આલોચના.

**(૧) સંઘપૂજન** - અનંત ઉપકારી તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પછી ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે છે જે તીર્થ સ્થાપનાના નામે પ્રસિદ્ધ છે. આવો આ તીર્થ સ્વરૂપ શ્રી સંઘ સ્વયં તીર્થંકરને પણ વંદનીય છે એટલે જ તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બેસે ત્યારે 'नमो तीत्थस्स ।' કહીને શ્રી સંઘને નમસ્કાર કરે છે. આપણે પણ જ્યારે વ્યાખ્યાન સભામાં બેસીએ ત્યારે ગુરુ ભગવંતને વંદના કરીને શ્રી સંઘને હાથ જોડી નમસ્કાર કરી પછી

પોતાના સ્થાને બેસીએ છીએ. આવો શ્રી સંઘ આપણા માટે પણ પૂજનીય છે. આવા શ્રી સંઘને માન-સન્માન આપી એની પૂજા કરવી એ આપણું કર્તવ્ય છે. શ્રી સંઘમાં કોઇ ભાવી તીર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ હોઇ શકે છે. એવા મહાન આત્માની પૂજાનો લાભ સંઘપૂજન દ્વારા આપણને મળે છે. એવા સંઘપૂજનનો લાભ દર વરસે શ્રાવકે અવશ્ય લેવો જોઇએ.

**(૨) સાધર્મિક ભક્તિ** - જે દેવ - ગુરુ - ધર્મને હું માનું છું એ જ દેવ-ગુરુ-ધર્મને માનનારો મારો સાધર્મિક છે. એની ભક્તિ-વાત્સલ્ય અવશ્ય કરવું જ જોઇએ.

**(૩) યાત્રાત્રિક** - વરસમાં એકવાર અવશ્ય યાત્રાત્રિકનું આયોજન શ્રાવકના જીવનમાં હોવું જોઇએ. યાત્રાત્રિકમાં (૧) અષ્ટાન્હિકા યાત્રા (૨) રથયાત્રા અને (૩) તીર્થયાત્રાનો સમાવેશ થાય છે. યાત્રાત્રિકથી મહાન શાસન પ્રભાવનાનો લાભ મળે છે.

**(૪) સ્નાત્ર મહોત્સવ** - નિત્ય દેરાસરમાં સ્નાત્ર પૂજા થતી હોય છે. પરંતુ વરસમાં એક વખત અવશ્ય ધામધૂમથી સ્નાત્ર પૂજા ભણાવી લાભ લેવો જોઇએ. એના દ્વારા બીજા શ્રાવક શ્રાવિકાઓ પણ પ્રભુભક્તિમાં જોડાય છે.

**(૫) દેવદ્રવ્ય વૃદ્ધિ** - જિનાલયના નિર્માણ, જિર્ણોદ્ધાર અને અન્ય કાર્યો માટે દેવદ્રવ્ય આવશ્યક છે. એમાં વૃદ્ધિ થાય એવા પ્રયત્ન કરવા જોઇએ. પરંતુ સમય અને સંજોગો જોતા એમાં પણ અતિરેક ન થાય એની

સાવધાની-જાગૃતિ રાખવાની છે. આપણા દેવદ્રવ્ય ઉપર સરકારની નજર બગડે અને એનો ગેર ઉપયોગ ન થાય એ પણ જોવાનું છે.

(૬) **મહાપૂજા** - જિનાલયમાં જિન પ્રતિમા તો પૂજનિક છે જ પરંતુ જિનાલયના અણુએ અણુ પાવન છે... પવિત્ર છે... પૂજનિક છે. આ વાતને નજર સામે રાખીને વરસમાં એક વખત સંપૂર્ણ જિનાલયનો શ્રૃંગાર કરવો જોઈએ. જિનાલયનો શણગાર એવા ચિતત્તાકર્ષક હોય કે દૂર દૂર થી માણસો દર્શન કરવા આવે. એમાંથી કોઈના હૃદયમાં જિન, જિનપ્રતિમા, જિનાલય, જિન શાસન વસી જાય એ જીવ સમ્યગ્દર્શન પામી જાય. આવી મહાપૂજા મહાન શાસન પ્રભાવનાનું કારણ બને. એની અનુમોદનાથી અનેક જીવો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી આત્મકલ્યાણ સાધે છે. આવી મહાપૂજાએ પણ શ્રાવકનું કર્તવ્ય છે.

(૭) **રાત્રિ જાગરણ** - મહેમાન આવ્યા... ગપ્પા માર્યા... રાતના ૨-૨ાા વાગી ગયા રાત્રિ જાગરણ થયું... બાબો બિમાર પડ્યો ન ઉંઘ્યો ન ઉંઘવા દિધું રાત્રિ જાગરણ થયું.. પિક્ચર જોવા ગયા મોડું થયું હરી ફરી આવ્યા. દોઢ બે વાગી ગયા, રાત્રિ જાગરણ થયું... આ બધા રાત્રિ જાગરણ મોહનીય કર્મ બંધાવનાર પાપ જાગરિકા છે. પરમાત્માએ ધર્મ જાગરિકાની વાત જણાવી છે. '**એક રાત પ્રભુ કે સાથ**' એક રાત્રિ પ્રભુની ભક્તિમાં, પ્રભુની તત્વચર્ચામાં, પ્રભુના નામસ્મરણ જાપમાં, પ્રભુના ધ્યાનમાં, કાયોત્સર્ગમાં વીતાવી મહા કર્મનિર્જરા કરી પુણ્યાનુબંધી પુણ્યના ભંડાર ભરવાની વાત અહિં જણાવી છે.

(૮) **શ્રુત પૂજા** - દરરોજ, જ્ઞાન પંચમી વગેરે સમયે આપણે સામાન્ય જ્ઞાન પૂજા કરીએ જ છીએ. પરંતુ વરસમાં એક વખત અવશ્ય વિશિષ્ટ કોટિની શ્રુત પૂજાનું આયોજન કરી પિસ્તાલીસ આગમાદિ શ્રુતની પૂજા-પૂજન કરાવી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવા ઉદ્યમવંત બનવાનું છે.

(૯) **ઉદ્યાપન** - પોતાના કે પરિવારના વિવિધ તપ-જપ-ચારિત્રાદિની અનુમોદનાર્થ ઉદ્યાપન કરીને પ્રભુ ભક્તિનો ઉત્સવાદિ કરીને વરસમાં એક વખત અવશ્ય વિશેષ લાભ લેવાનો છે.

(૧૦) **શાસન મહોત્સવ** - શાસન સ્થાપના દિન, ચરમ તીર્થપતિના કલ્યાણકોના દિવસો વગેરેમાં શાસન પ્રભાવના કારક મહોત્સવોનું આયોજન વરસમાં એક વખત કરવું જોઈએ.

(૧૧) **આલોચના** - 'છદ્મસ્થ માત્ર ભુલને પાત્ર'એ ન્યાયે આપણાથી ભૂલો થવી એ કોઇ મોટિ વાત નથી. પરંતુ એ ભૂલને એનાથી થયેલી વિરાધનાને અથવા એનાથી થયેલા પાપનો સંગ્રહ કરીને રાખવાનો નથી પણ વરસમાં એક વખત ગુરુ ભગવંત પાસે ખુલ્લા દિલે ભૂલોનો - પાપોનો સ્વીકાર કરી આલોચના લઇ પાપ મુક્ત બનવાનું છે. પરલોકમાં પાપનું પોટલું માથે ન લઇ જવું પડે એ માટેનો આ સચોટ ઉપાય છે.

આવી રીતે ઉપર જણાવેલા શ્રાવકના અગિયાર વાર્ષિક કર્તવ્ય સદા આરાધના કરવા યોગ્ય છે. આત્મ કલ્યાણ ઇચ્છનાર જીવે યથાશક્તિ આદરીને અશુભ કર્મની નિર્જરા કરી શુભ કર્મ ઉપાર્જન કરવા પુરૂષાર્થ આદરવો જોઇએ.